# બ્રહ્મચર્ય સાધના

અબ્રહ્મચર્ય છે ઘોર, દુષ્ટ પ્રમાદનું ગૃહ;
સાધકો તે નહિ ઇચ્છે, સાવધાન રહી સદા. (૧)
દેવ દાનવ ગાંધર્વો, યક્ષ કિન્નર રાક્ષસો;
તે સદા બ્રહ્મચારીના, પવિત્ર ચરણે નમે. (૨)

સંતબાલ

**મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર**
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર
**અમદાવાદ-૧.**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રકાશક :
લક્ષ્મીચંદ ઝવેરચંદ સંઘવી
મંત્રી,
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર
અમદાવાદ-૧.

બીજી આવૃત્તિ ]      પ્રત: ૧૦૦૦      [ સંવત ૨૦૧૫ અષાડ સુદ ૨

કિંમત : પચાસ નયાપૈસા

મુદ્રક :
ચંદુભાઈ ચતુરભાઈ શાહ
શૌર્ય પ્રિન્ટરી
તિલકરોડ, પાદશાહનીપોળ સામે,
અમદાવાદ.

Ac. Gunratnasuri MS      Jin Gun Aradhak Trust

# બ્રહ્મચર્ય સાધના

અબ્રહ્મચર્ય છે ઘોર, દુષ્ટ પ્રમાદનું ગૃહ;
સાધકો તે નહિ ઇચ્છે, સાવધાન રહી સદા. (૧)
દેવ દાનવ ગાંધર્વો, યક્ષ કિન્નર રાક્ષસો;
તે સદા બ્રહ્મચારીના, પવિત્ર ચરણે નમે. (૨)


મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર
અમદાવાદ-૧.



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# અનુક્રમણિકા


| પ્રકરણ | | | | |
|---|---|---|---|---|
| ૧ | સૌંદર્યનું મૂળ | ... | ... | ૧ |
| ૨ | બ્રહ્મચર્ય | ... | ... | ૪ |
| ૩ | બ્રહ્મચર્યનો ચમત્કાર | ... | ... | ૮ |
| ૪ | કામજન્ય અધઃપાત | ... | ... | ૧૬ |
| ૫ | બ્રહ્મવ્રતનું પ્રાથમિક સ્વરૂપ | ... | ... | ૨૩ |
| ૬ | બે માર્ગ | ... | ... | ૨૪ |
| ૭ | બ્રહ્મચર્ય સંબંધી નિયમો | ... | ... | ૨૯ |
| ૮ | બ્રહ્મપંથની મુશ્કેલીઓ | ... | ... | ૩૬ |
| ૯ | વહેમો | ... | ... | ૩૯ |
| ૧૦* | સંતતિરોધ | ... | ... | ૪૧ |
| ૧૧ | બ્રહ્મચર્ય અને માનવસમાજ | ... | ... | ૪૪ |
| ૧૨ | બ્રહ્મચર્ય અને નારીસમાજ | ... | ... | ૪૭ |
| ૧૩ | પ્રભુદયા | ... | ... | ૫૦ |
| ૧૪ | બ્રહ્મચર્યના શ્લોકો | ... | ... | ૫૨ |


---

* નોંધઃ— પ્રકરણ નં. ૧૦ થી ૧૪ ના પાના નંબર શરત ચૂકથી ૨૫ થી ૩૬ અપાયેલા છે તેના બદલે નં. ૪૧ થી ૫૨ અનુક્રમે સમજવા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# જૂની પ્રસ્તાવના

આ પુસ્તિકા 'બ્રહ્મચર્યસાધના'ના નિબંધરૂપે છે. એનાં બાર પ્રકરણ છે. "સૌંદર્યનું મૂળ"થી માંડીને બ્રહ્મચર્યને લગતા શ્લોકો ત્યાં લગીમાં એ બારે સમાપ્ત થાય છે. આ પ્રકરણો ક્રમવાર છે. તેનો ક્રમ પૂર્ણ છતાં તે સંક્ષેપમાં લખાયાં છે. તોયે ચિંતનપ્રિય સાધકને પળે પળે એમાંથી નવો નવો વિસ્તારમય વિચારપ્રવાહ પોતામાંથી જ પ્રગટ થતો ભાસશે. સત્યમ્, શિવમ્ અને સુન્દરમ્ એ આત્માનું ખરું સ્વરૂપ છે. વળી સત્ય અને બ્રહ્મચર્ય બન્નેની અંતિમ વ્યાખ્યામાં કશો જ ફેર નથી. એટલે જેમ સત્યમાં શિવ (કલ્યાણ) અને સૌંદર્ય છે તેમ બ્રહ્મચર્યમાં પણ તે જ છે. ખરો સત્યાર્થી બ્રહ્મચારી હશે જ. અને જે બ્રહ્મચારી સત્યાર્થી નહિ હોય તે બ્રહ્મચારી ખરા અર્થમાં બ્રહ્મચારી જ નહિ હોય.

આ રીતે આ પુસ્તિકામાં ચર્ચાયેલી બ્રહ્મચર્યમીમાંસાનું મૂલ્ય આચરણ દ્વારા જ સાધક પામી શકશે.

હરયુગ કરતાં આજના યુગમાં 'બ્રહ્મચર્ય'ની બહુ મોટી જરૂર છે. તે કોઈથી અજાણ નથી જ. અને એમ છતાં વાતાવરણ અંધકારમય છે. વળી અંધકારમય વાતાવરણમાં વેગ આપનારાં પ્રબળ નિમિત્તો પણ છે.

રાષ્ટ્રીય ગુલામી અને ધાર્મિક અંધતા તથા સામાજિક કુરૂઢિઓથી દેશની પ્રજા સર્વનાશની ગર્તામાં ખદબદી રહી છે. આવા વિષમ સંયોગો વચ્ચે આ કિરણ સૌને સન્માર્ગદર્શનમાં ઉપયોગી થાય એ અંતરની અભિલાષા છે.

વિશ્વવત્સલ સંઘનું પ્રથમ વ્રત બ્રહ્મચર્ય છે. આમાં એની વિગત હોઇ 'બ્રહ્મચર્યની સાધના' આ પુસ્તિકાનું નામ અપાયું છે. તે તેવે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જ નિમિત્તે પ્રગટ થાય છે. એ તો ખરે જ સુચિહ્ન છે. આમાં જે કંઈ લખાયું છે, તે વાંચન તથા સ્વાનુભવ અને પરાનુભવના સમન્વયે જ લખાયું છે, તે વાંચક પોતે જ કળી શકશે.

આ લખાણના લેખક તરીકે પૂર્ણ અધિકારી હું મને માનતો નથી. કારણ કે "કામના અધઃપાત"ના ઝપાટાથી મારી જિંદગી સાંગોપાંગ બચી શકી નથી મારે કહેવું ઘટે છે કે સમૌન એકાંતવાસ પછી જ મારી નિર્વિકાર નિષ્ઠા, મૈયાની દયાએ શરૂ થઈ ગણાય. જો કે મારી અપૂર્ણતા તો હજુ પણ સંતોષકારક રીતે પુરાઈ નથી છતાં મને બ્રહ્મચર્યની તાલાવેલી આજે જે છે, તે તાલાવેલીની દૃષ્ટિએ આ લખાણની સાર્વત્રિક સિદ્ધિ મને સંકોચમાં મૂકતી નથી. આ પહેલાં આ વિષય વિષે છૂટુંછવાયું ઘણું લખાયું છે. થોડું છપાયું પણ છે. છતાં આમાં એ બધાંનો લગભગ સાર આવી જાય છે. મારી જેમ સાધકોને પણ તે સહાયક નીવડો.

વિરમગામ તા. ૩૦–૬–૪૫ "સંતબાલ"

☆

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# નવી પ્રસ્તાવના

ૐ મૈયા

'બ્રહ્મચર્ય સાધના'ની પહેલી આવૃત્તિ સન ૧૯૪૫માં બહાર પડી હતી. આજે સન ૧૯૫૯ છે. ત્યારે ગાંધીજી જીવંત હતા. તેમની રાહબરી નીચે આખો દેશ તપત્યાગના યજ્ઞમાં ઝૂકી પડયો હતો. તેમણે 'ગૃહસ્થાશ્રમમાં બ્રહ્મચર્ય' સાધેલું. તથા પત્નીને માતા બનાવી એ જગદંબાદ્વારા કેટલું મહાન કાર્ય કરી શકાય છે? તે સ્વજીવનથી બતાવી દીધું હતું. તે યુગે અનેક કુમારિકાઓ, મહિલાઓ, ભગિનીઓ અને માતાઓ આગળ આવી ગઈ હતી.

આજે ગાંધીજી નથી. કોઈ એક વિભૂતિમી રાહબરી નીચે દેશ એકાગ્ર રહી શકયો નથી.

જોકે બાર વર્ષથી દેશ સ્વતંત્ર થઇ ગયો છે, પણ સ્વતંત્રતા બાદ તપત્યાગને બદલે સત્તાધનની સાઠમારી વધતી ચાલી છે. આખો દેશ જાણે કિંકર્તવ્ય મૂઢ બની ગયો છે. ત્યારે ફરી એકવાર ગાંધી સમય કરતાંય સવિશેષ ત્યાગતપોમય યજ્ઞની જરૂર છે.

આથી દેશને માટે જ નહીં, વિશ્વને માટે સુદ્ધાં બ્રહ્મચર્ય જરૂરી બન્યું છે. દુઃખપૂર્વક અહીં નોંધ લેવી ઘટે છે કે જે મહાન સંસ્થાની સરકાર છે. અને જે મહાન સંસ્થા દ્વારા ગાંધીજીએ ભારતીય સંસ્કૃતિને સારુ અનેક આહૂતિઓ આપેલી, એ જ સંસ્થાની સરકાર કૃત્રિમ સંતતિરોધનાં પગલાં જોશભેર અને વિના દીર્ઘ વિચારે માંડી રહી છે. ખુદ તે સંસ્થા પોતે પણ એ માર્ગે તણાઇ રહી છે, ઇચ્છાએ અનિચ્છાએ ઘસડાઇ રહી છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નવાયુગના બ્રાહ્મણરૂપી રચનાત્મક કાર્યકરો પ્રાયઃ પોતાનું કાર્ય પકડીને બેઠા છે. સાધુ વર્ગની વિશ્વયોગાનમાં ખાસ અસર નથી. જગત જ્યારે ભોગવિલાસની ભડભડતી આગમાં સેકાઈ રહ્યું છે. ભારત એક માત્ર વિશ્વની આશા છે. તે જ ભારતની દશા આવી છે.

આથી જ બ્રહ્મચર્યામૃતનો મહિમા ઘેર ઘેર અને ઠેરઠેર ક્રિયાશીલ રીતે ફેલાવવાની ખૂબ જરૂર છે.

આવે વખતે 'બ્રહ્મચર્ય સાધના'ની બીજી આવૃત્તિ બહાર પડે છે. અને જ્યારે 'ભાલનલકાંઠા પ્રયોગ' અમુક કક્ષાએ સિદ્ધ થયો છે, ત્યારે બહાર પડે છે. એ ખરેખર આનંદદાયક ઘટના છે. આ આવૃત્તિમાં બે પ્રકરણ ઉમેરાયેલાં વાંચકો જોઇ શકશે. પરિણામે 'પ્રભુદયા' અને 'બ્રહ્મચર્યના શ્લોકો'એ પ્રકરણના નંબર વધીને કુલ્લે ચૌદ પ્રકરણો બને છે. અદ્ભુત સુસંગતિની જેમ. પ્રતિજ્ઞા પછીની ચૌદ ચૌદ વર્ષની સજોડે બ્રહ્મચર્યની સાધના બાદ એ જ લક્ષ્મીચંદભાઇ તરફથી કાંઇક આર્થિક મદદ મેળવીને આટલી સસ્તી આ પુસ્તિકા મોંઘવારીમાં અપાય છે. એટલે તેમની સાધના તથા સાધન બન્ને આમાં ભળે છે. આ બાબતોની વાચકો નોંધ લઇ પ્રેરણા મેળવશે, એમાં શંકા નથી.

તા. ૭-૫-૫૯ — 'સંતબાલ'

મહાબળેશ્વર

☆

Ac. Gunratnasuri MS — Jin Gun Aradhak Trust

# પ્રાસંગિક

પ્રિય લક્ષ્મીચંદભાઈનું હું પ્રિય વિશેષણ ખાસ સાર્થક ગણીને અહીં વાપરું છું.

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિરનું શ્રીયુત ભુધાભાઇ અને શ્રી જીઠાભાઈ સમક્ષ પરમ પૂજ્ય ગુરૂદેવનાં વરદહસ્તે નવ પાયારોપણ થયું ત્યારથી પ્રિય લક્ષ્મીચંદભાઈએ એને પોતીકું ગણીને સાચવ્યું છે. અને ત્યારથી જ તેણે સતત મારા નિમિત્તે થતી પ્રત્યેક શુભ પ્રવૃત્તિમાં એક નિષ્ઠા રાખ્યા કરી છે.

તેઓ જે વ્યવસાય કરે છે, તે સટ્ટાનો હું કેટલો વિરોધી છું? તે તેઓ જાણે છે. એ બાબતનું એમના અંતરમાં દુઃખ પણ છે. છતાં હજુ તેઓ છોડી શકયા નથી, એ ખરે જ આશ્ચર્ય છે. બાકી તેમનો મોટે ભાગે નિખાલસ અને મિલનસાર સ્વભાવ પ્રત્યેકને સ્નેહનો પરિચય કરાવે છે.

વર્ષોથી તેઓ બ્રહ્મચર્યમાર્ગે વળવાના પ્રયત્નમાં છે. તે અગાઉ જ તેમણે પોતાની આ વિષયક થયેલી ત્રુટીઓનું નિવેદન કરી ચોકસાઇ પણ કરી લીધેલ. એમનાં પત્ની લક્ષ્મીબાએ તપ અને માયાળુ વૃત્તિમાં ઉત્તમ પ્રગતિ કરી છે, અને પતિના એ પ્રયત્નમાં એમનો ફાળો અજબ છે. છેલ્લાં વર્ષોથી તો તેઓ દંપતી કાયિક બ્રહ્મચર્ય પાળતાં રહ્યાં છે. પણ આ બીજા ચૈત્ર સુદ ૫ સોમવારનાં તેઓ સમાજ સમક્ષ આ વ્રત લઇ, તે પોતાનાં પ્રયત્નમાં નક્કર મહોર–છાપ લગાડી દે છે.

જો કે તેમનાં પુત્ર પુત્રીઓ અને વય વગેરે દૃષ્ટિએ જોતાં તેમના વ્રતની કોઈ વિશેષતા નથી. પરંતુ આ પુસ્તકના' કામજન્ય અધઃપાત'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રકરણમાં દર્શાવેલી આજની દશામાં તો આ ઉમ્મરે અને આ સંયોગોમાં લેવાતી સમજપૂર્વકની પ્રતિજ્ઞામાં એમની તો વિશેષતા છે જ.

એ વિશેષતા નિમિત્તે પ્રગટ થતી આ 'બ્રહ્મચર્ય સાધના' નામની પુસ્તિકાના પ્રકાશકપણાનો અધિકાર પણ તેમણે સાર્થક કર્યો છે.

બાકી આ પ્રસંગે એમણે જે ધનદાન કર્યું છે, તેને હું તો વિપુલધનસંગ્રહના પાપનું પ્રાયશ્ચિત્ત જ માનતો હોવાથી મહત્ત્વ આપી શકું નહિ. એટલું ખરું કે જ્ઞાતિને જ મિષ્ટાન્નાદિ દ્વારા થતા અપવ્યયોને બદલે તેમણે તે પ્રવાહ પોતાની સંસ્થાઓ તરફ વહાવ્યો છે, તેટલું ઉલ્લેખવા યોગ્ય છે.

હું ઈચ્છું છું કે તેઓ બન્ને વ્રતધારીઓ લીધેલ વ્રતને જતનપૂર્વક પાળે અને આ પુસ્તિકાના વાચકોને પણ પોતાના એ વ્રતપાલન દ્વારા પ્રેરણાનાં નિમિત્ત બનો.

**શિયાળ** **"સંતબાલ"**

તા. ૧૫-૨-૪૫

☆

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# સૌંદર્યનું મૂળ

## ૧

આકાશમાં શ્યામલ વાદળાં છે. સંધ્યાનો સમય છે. ભાનુનાં આછાં કિરણો ફેંકાઈ રહ્યાં છે. આ વેળાનું મેઘ ધનુષ્ય કેવું મનોહર હોય છે! ચક્ષુઓ જાણે વારંવાર જોયા જ કરે જોયા જ કરે!

'શિયાળાના દિવસો છે, ગોધૂમનાં લીલાંછમ ખેતરો છે, મેઘરવો પડ્યો છે. દર્ભ પર ઓસબિંદુઓ લટકી રહ્યાં છે, જાણે એ તો મૂલ્યવાન મોતી!

વસંતની ઋતુ છે, લતામંડપ છે, વિવિધ વૃક્ષો છે. રંગ-બેરંગી ફૂલો ખીલી ઊઠયા છે. કેવડો, ચંપા, ચમેલી, જાઈ અને જુઇની સુગંધ ફોરી રહી છે. આકર્ષક ગુલાબનાં પુષ્પો છે. જાણે આ બધું કુદરતનું અદ્ભુત લાવણ્ય!

**પ્રિયપાઠક!**

વિચાર કર કે આ બધું છે. પણ આંખ જ ન હોય તો? આંખ છે છતાં એના પર મન ન હોય તો? મન અને આંખ હોવા છતાં સૃષ્ટિ-સૌંદર્ય નિહાળવાની રસવૃત્તિ બૂઠી હોય તો? આ બધું ઠીક હોવા છતાં ચિત્તની પ્રસન્નતા ન હોય તો? તથા આત્માની સ્વસ્થતા જ ન હોય તો?

તો કહેવું જ પડશે કે આ બધું જ નિરર્થક છે. મતલબ કે સૌંદર્યનું મૂળ ચિત્તની પ્રસન્નતા છે. સૌંદર્યનું મૂળ આત્માની સ્વસ્થતા છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જેમ સૌંદર્યનું મૂળ એ છે તેમ સભાનશક્તિ, અગમ્ય આકર્ષણ, ભવ્યઓજસ અને અનુપમ રસનિધિ વગેરે સર્વનું મૂળ એ જ છે. માટે જ કહ્યું છે કે :–

## ઉપજાતિ

સૌંદર્ય વા'લા ! તુજ દ્વાર ખોલ,
સાચા રૂપે દર્શન દિવ્ય દે તું;
એઠાં અને ઉપરનાં મલિન,
ખેંચાણથી લોચન તું બચાવ. ૧
નિર્લેપતા હાથ હવે પ્રસારી,
સંભાળ લે સ્નેહસખી અમારી;
વિજ્ઞાનનાં આંજણ આંજવા'લી,
અજ્ઞાન – અંધી પડળો ઉડાડી. ૨

## ઉદાહરણ

એક યુવક દેખાવડો હતો. વાળનાં ઝૂલફાં રાખતો હતો, મોહક પોશાક પહેરતો હતો, એના ગળામાં સરસ હલક હતી, એનું શરીર તંદુરસ્ત અને ખડતલ હતું. પણ આ બધી વસ્તુઓનો એને ભારે ગર્વ હતો. એક તત્ત્વજ્ઞાનીએ એને પૂછ્યું, "તારામાં આ બધું શાને લીધે સુંદર લાગે છે," તે તું જાણે છે ? આ તારા સુંદર દેખાતા શરીરમાંથી માત્ર એક આત્મા જ નીકળી જાય તો ? યુવક વિચારમાં પડયો અને એને જણાયું કે હું જેને માટે ગર્વિષ્ઠ છું, તે તો હાડ, માંસ ને ચામડાનું માળખું છે. મારે જેને સારુ ગર્વ ધરવો જોઈએ તે આત્મા તો ઊલટો અહંકારથી કદ્દરૂપો જ બની ગયો છે. આ વિચારે તેને સૌંદર્યનું મૂળ લાધ્યું અને તે ખરે જ સુંદર બની ગયો.

## સૌંદર્યનું મૂળ શોધ્યું તેણે !

જેણે સૌંદર્યનું મૂળ શોધ્યું, તેણે સર્વ કંઈ શોધી જ લીધું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સમજો દુનિયાની ઉપલક દૃષ્ટિએ દેખાતાં બેડોળ દૃશ્યો આવા સૌંદર્ય શોધકને નર્યાં સુંદર જ ભાસે છે!

એનું અંતર જેમ પુણ્યશાળીમાં, તેમ પાપીમાં પણ પ્રચ્છન્નપણે રહેલું સૌંદર્ય જુએ છે. જ્યાં જ્યાં ચેતન છે ત્યાં ત્યાં એને એ સૌંદર્ય સોળે કળાએ શોભતું દેખાય છે. સર્વત્ર તેનો જ્ઞાનમય આનંદ મહાનિધિ ઉછળતો જ હોય છે. આનું નામ જ યોગ.

ગીતામાં એ વચન છે કે, **"सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते"** વર્તે છોને જગે તોયે, તે યોગી મુજમાં (ભગવદ્-ભાવમાં) જ છે.

☆

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# બ્રહ્મચર્ય

## ૨

કોઇપણ સાધનને આરાધતાં પહેલાં બુદ્ધિમાન મનુષ્યને જે પહેલો પ્રશ્ન ઊઠે છે તે એ હોય છે કે શું અને શા માટે? એ મુજબ બ્રહ્મ-ચર્યવ્રત સાધક પાસે મૂકતાંની સાથે એ પૂછશે કે બ્રહ્મચર્ય શા માટે?

પરંતુ ઉપર બતાવેલા સર્વોપરી યોગનું સાધન બ્રહ્મચર્ય છે. એટલે જ બ્રહ્મચર્ય શા માટે, એ પ્રશ્ન રહેતો નથી.

સામાન્ય રીતે પણ યોગનો એક અર્થ એકાગ્રતા છે. એ એકાગ્રતા બ્રહ્મચર્ય વિના ન આવી શકે.

યોગનો બીજો અર્થ આત્મા સાથેનું જોડાણ છે. બ્રહ્મચર્ય વિના એ જોડાણ ન જ થઈ શકે.

બ્રહ્મચર્યની વ્યાખ્યા પણ આત્મા તરફ પ્રગતિ કરવી એ છે. એટલે એના વિના કેમ ચાલે?

## આત્માનું નિજરૂપ

સર્વબંધનોથી મુક્ત, સહજ સુખનું ધામ અને વિધ્વંસ માત્રથી રહિત એ આત્માનું પરમ સ્વરૂપ છે. અનંત જ્ઞાનીઓએ આ અનુભવ્યું છે અને એકમતે ઉચ્ચાર્યું છે. આમ છતાં આપણે જે સાધકની સામે બ્રહ્મચર્યની સાધના મૂકીએ છીએ તે સાધકનો આત્મા મન, વચન, શરીર અને કર્મથી અસ્વતંત્ર છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જો એ પરાયા તંત્રમાં રહેવાનું છોડી, નિજતંત્રને નિહાળવા મથે, તો ઉપલા સ્વરૂપનો તે સહજ દ્રષ્ટા છે એ નક્કર હકીકત છે.

## દ્રષ્ટાનું અજોડ સાધન

એ દ્રષ્ટાપણું પ્રગટ થવા માટે જ આ સાધન છે અને તે દૃષ્ટિએ બ્રહ્મચર્ય અજોડ સાધન છે.

## સંપૂર્ણ બ્રહ્મચર્ય કોને કહેવું ?

હવે એ સવાલ થાય છે કે સંપૂર્ણ બ્રહ્મચર્ય કોને કહેવું ? શરીરયંત્રનો સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ વ્યવહાર આત્મસ્વસ્થતા ન ગુમાવે તેવો બને. તેમાં રહેલો પુરુષ જ બ્રહ્મચારી કહેવાય.

અકૃતિમપણે-સ્વાભાવિકપણે બલાત્યત્નવિના-આવું બને એટલે બ્રહ્મચર્યની સંપૂર્ણ સિદ્ધિ હાંસલ થઈ ગણાય. આને સારુ નીચેનાં શબ્દચિત્ર જોઈએ :-

## બે સંપૂર્ણ ચિત્રો

### क

એક વેશ્યાગૃહ છે. એની નાયિકાનું નામ કોશા છે. નૃત્ય અને અભિનય તો બસ એનાં જ ! કટાક્ષમાત્રથી ભલભલાને ચળાવે !

આજે એ વસ્ત્રાભૂષણથી સજ્જ છે. એક એક અંગ અને ઉપાંગમાં જાણે શૃંગાર જ સ્રવી રહ્યો હોય અને સાક્ષાત્ રતિ જ જાણે ચાલી આવતી હોય તેવું એ દૃશ્ય છે !

પાસેના ખંડમાં એક અદ્દભુત પુરુષ છે. એ જૈનસાધુ હોવા છતાં વેશ્યાગારનો નિવાસી છે. એણે એના ગુરુની વેશ્યા-નિવાસ માટે આજ્ઞા મેળવી છે. તે પણ એક અદ્દભુતનું પણ અદ્દભુત છે. એના ખંડમાં અનેક પ્રકારનાં કામોત્તેજક ચિત્રો છે. એનાં નયનની સામે એ કોશા ઊભી છે. કોશાની મદોન્મત્ત આંખોનાં કાતીલ શસ્ત્રો પડે છે. પણ એ પુરુષનું રૂંવાડું સુધ્ધાં ફરકતું નથી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

છેવટે કોશા હારે છે. સાધુ જિતે છે. કોશા મહાન વિસ્મય પામે છે. "પૂર્વાશ્રમમાં એટલે જ્યારે એ સચીવપુત્ર કહેવડાવતો હતો ત્યારે પોતાના જ દેહલાવણ્યમાં લટ્ટુ બનેલો આ પુરુષ આજે દીક્ષા બાદ એવી કઇ સિદ્ધિ પામ્યો છે કે તે આવા પ્રસંગમાં પણ મેરુગિરિ સામે અડોલ છે!" વિસ્મિત કોશાની વિચારમાળા આગળ ન વધી શકી! કોશા નમી પડી. અને સમય જોઇને સાધુએ સત્ય સંભળાવ્યું: "કોશા! વિસ્મય પામવા જેવું કશું જ નથી. જે છે, તે જ છે. આમાં નવું કંઇ નથી. જયાં સુધી હું સૌંદર્યનું મૂળ નહોતો પરખતો ત્યાં લગી દેહને જ સૌંદર્યસ્થાન માનતો હતો હવે એ પારખ્યું એટલે આપોઆપ દેહરાગ ઊડી ગયો અને આત્માનુરાગ પ્રગટ થયો."

કોશાને પણ એ સત્યનો ચેપ લાગ્યો. કોશા વેશ્યા મટી સતી બની. જેના સત્સંગથી વેશ્યા સતી બની તે સંપૂર્ણ બ્રહ્મચારીનું નામ સ્થૂળિભદ્ર

દુર્વાસા અને વાસુદેવનો એક અનેરો પ્રસંગ છે:– જમનાનાં પાણી પૂરે ચઢયાં છે. ભરતી અપરંપાર છે, ગોપીઓને નદીને પેલે પાર ખોરાક લઇને જવું છે. કેમ જવાય? કોઇ કહે છે દેવીઓ! આટલું બોલો: "વાસુદેવ; પૂર્ણ બ્રહ્મચારી હોય તો જમનામૈયા! માર્ગ આપજે!" અંતરની આ વાણી નીકળતાં જ માર્ગ મળે છે અને સૌને મહાન અચરજ થાય છે. સ્ત્રીઓની સાથે સતત વસનાર વાસુદેવ કેમ બ્રહ્મચારી? હજુ પણ બીજું મહાન આશ્ચર્ય બાકી જ હતું!

પેલે પાર ગયા બાદ દુર્વાસાજીને ભોજન જમાડયું. હવે ગોપીઓને વાસણ લઇ આ પાર આવવાનું હતું. તેમણે દુર્વાસાજીને પોતાની મૂંઝવણ કહી. ત્યારે દુર્વાસાજી બોલ્યા "અહીં કેમ તમો આવી શકયાં?" ગોપીઓએ ઉપલી ઘટના કહી બતાવી. "તો પછી હવે એમ કહો કે જો દુર્વાસાજી સદોપવાસી હોય તો જમનામૈયા! માર્ગ દેજો!" ગોપીઓએ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હૃદયપૂર્વક ઋષિઆજ્ઞા શિરોમાન્ય કરી. અને ખરે જ માર્ગ મળ્યો. આથી તે બધી ગોપીઓ મૂળસ્થાને આવી પહોંચી.

આ બન્ને બાબતોનું એમણે વાસુદેવ પાસેથી સમાધાન મેળવ્યું અને આનંદની સીમા ન રહી !

વાત એમ હતી કે વાસુદેવને સ્ત્રીઓનો સહવાસ હતો પરંતુ દેહાસક્તિને લીધે ઉપજતી કામક્રીડાઓથી તે દૂર હતા. તેથી જ તે ખરા અર્થમાં બ્રહ્મચારી હતા. એ જ રીતે દુર્વાસાનું ભોજન માત્ર શરીરને ટકાવવા માટે હતું, એટલે તે ભોજી છતાં એ અર્થમાં ઉપવાસી હતા.

ઉપરનાં **क, ख** ચિત્રો; બ્રહ્મચર્યની સંપૂર્ણ સિદ્ધિનાં છે. આવું જ કંઈ વશિષ્ટ અને વિશ્વામિત્રના સંબંધે પણ છે.

આ તો સંપૂર્ણ સિદ્ધિની વાત થઇ. હવે પ્રાથમિક પગલાં રૂપે જે બ્રહ્મચર્યવ્રતની વાત કહેવાની છે તે ચર્ચતાં પહેલાં બ્રહ્મચર્યનો ચમત્કાર અને કામજન્ય અધઃપાત વિષે વિચારી લઇએ.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# બ્રહ્મચર્યનો ચમત્કાર

૩

સંસારમાં કોઈ પ્રબળ ચમત્કાર હોય તો તે એ કે મનુષ્યને હૃદયપલટો થવો.

એવો પલટો કરાવવાની સમર્થ તાકાત બ્રહ્મચર્ય વ્રતમાં જ છે. આવા ચમત્કારને જ નમસ્કાર શોભે એમાં કશી જ નવાઈ નથી. સતી તોરલના એ વ્રતને લીધે જ જેસલ જેવા મહાપાપીનું અંતઃકરણ પીગળ્યું હતું. વળી એ પણ વાત એટલી જ સાચી છે કે, જેસલે હિંસા કરવામાં કોઈ કમી નહોતી રાખી. સાતવીસું એટલે ૧૪૦ તો મીંઢળબંધા નરોને સંહાર્યા હતા! હરણિયાં હણ્યાંનો તો શુમાર જ નહોતો! આશાભરી જાનોને લૂંટીને નિરાશાની ખાખમાં મેળવી દીધી હતી.

આ રીતે ચોરી, હત્યા, માંસાહાર આદિ અનેક અપકૃત્યોમાં એણે પોતાની શક્તિને ખરચી નાંખી હતી, પણ શિયળને ખંડિત નહોતું કર્યું. એટલે જ એ પાપીમાંથી પીર બન્યો. સંહારકમાંથી સંરક્ષક બન્યો!

મીરાંએ એકદા કામાસકિતથી પીડાતા પુરુષને પણ બ્રહ્મચર્યના બળે જ સંત બનાવ્યો હતો.

આવાં એક નહિ પણ અનેક દૃષ્ટાંતો આજે પણ તારવી શકાય. મહાત્માજીમાં જે આકર્ષણ હતું, તેનું મૂળ કારણ બીજું શું હતું?

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## ઈતર ચમત્કારો

પ્રત્યેક ચમત્કારો એ આધ્યાત્મિકતાની જ છાયા છે. અને બ્રહ્મચર્ય વિના આધ્યાત્મિકતાનો સંભવ જ નથી. સામાન્ય ચમત્કારો જે દુનિયામાં દેખાય છે, તેનું પણ કારણ એ જ છે.

સીતા અશોકવાટિકામાં અસહાય હતાં છતાં રાવણ જેવો શકિતશાળી રાક્ષસ અસહાયી સીતાને મહાત કરવામાં અસમર્થ નીવડયો. આ તાકાત કોની હતી? તે સીતાની નહિ, પણ સીતાના શીલવ્રતની હતી. અગ્નિ પણ સીતાને ન ગ્રસી શકયો. એ તો જાણીતી ઘટના છે. લક્ષ્મણનું અલૌકિક બળ, ચૌદ ચૌદ વર્ષના અખંડ બ્રહ્મચર્યમાંથી ટપકી શકયું હતું. ઊર્મિલા જેવી નવવધૂના ત્યાગી લક્ષ્મણની તારીફ કરવી કે પતિસહચારવંચિતા ઊર્મિલાના મહાત્યાગની તારીફ કરવી? અને એ સાધના પણ કેવી? સીતાજીના અહોનિશ ચરણપદ્મે વસનાર એ લક્ષ્મણે સીતા વદનને પણ નિહાળ્યું ન હતું! ધન્ય છે તારી બ્રહ્મવ્રતનિષ્ઠાને!

લક્ષ્મણ તો પરિણીત થયા હતા એટલે મૂર્ચ્છિત પણ થયા હતા. સીતા પણ વિવાહિત હતાં એટલે જ કદાચ અપહરણ પામ્યાં હતાં પરંતુ હનુમાન તો યાવત્–જીવન અવિવાહિત રહ્યા હતા. એટલે કે, નૈષ્ઠિક બ્રહ્મચારી જ રહ્યા હતા, એથી જ જાણે પર્વત ઉઠાવી શકયા હતા! એથી જ એમનું સામર્થ્ય કદીય પરાભવ પામ્યું જ ન હતું.

અને આ કાળના સુપ્રસિદ્ધ સ્વામી રામતીર્થને જાણતા જ હશો. એમની તાકાત એટલી બધી વધી હતી કે તેઓ ખીણો અને ડુંગરોને માત્ર વાણીના આંદોલને હલાવી શકતા હતા. તેમજ સતી રાણકદેવીનું વચન ગિરનારગઢને હચમચાવનારું નીવડયું, એ વાત કોનાથી અજાણ છે?

જૂનાગઢનો જાણીતો રા'માંડલિક નાગબાઇનાં પુત્રવધૂ પરની વિકારી દષ્ટિને પરિણામે મહાન અધઃપાત પામ્યો. રા'ખેંગાર અને ગૂજરાતના સિદ્ધરાજનું ગોઝારૂં યુદ્ધ રાણકદેવીને જ કારણે જન્મ્યું હતું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જૂનાગઢમાં રા'માંડલિકને મોણિયાના ચારણોએ આમંત્ર્યા હતા. નાગબાઈ વગેરે ચારણ બાઇઓએ એમને કુંમકુંમ અક્ષતે વધાવવાની પેરવી કરી હતી. નાગબાઈનાં પુત્રવધૂ એ રાજવીને ચાંલ્લો કરવા જાય છે ત્યાં રૂપમુગ્ધ થયેલો રાજા મુખ ફેરવે છે. કારણ કે તેમની પાસે ચાંલ્લો કરાવે, તો તે ભાઈ બેન થઈ જાય. અને પોતાની નૈયત તો ફરી હતી એટલે વહુએ સાસુને કહ્યું: "રા' ફરે છે." સાસુ પારખી ગયાં, તેણે જવાબ આપ્યો, "રા' નહિ પણ રા'નો દિવસ ફરે છે" અને એણે જે શોકોદ્ગાર દ્વારા ભાવિ સૂચવ્યું તે આ સોરઠાની વાનગીથી સમજાઈ જશે.

"દરવાજે દરવાન, રા'ના કોઈ રહેશે નહિ
પછી પહેરેગીર પઠાણ, મહમ્મુદશાના માંડલિક"
ચણા નો'ય ચવાય મોંય લોઢાના માંડલિક
પિસે જુના (જુનાગઢ)ની પોળ, દામો કુંડ દેખીશ નહિ
રતન થીસેં રોળ, મું સંભારીશ માંડલિક,
ઝાલરના ઝણકાર, શંખ સંભળાશે નહિ
પડે બાંગું તણા પોકાર, મું સંભારીશ માંડલિક.
ઘોડાંને ઘોડિયું લઈ, જૂંને પાછો જા
માનને મોદલરા, મત કિં ફરી માંડલિક!
માતામાં મણા નહિ, નઈં બાપમાં ફેર
થયો મોઢું જોયા ફેર, માનેં સાચ્યું માંડલિક!

કાલડીના દેવડા રાજપુતોની દીકરી રાણકદેવીનું સગપણ થયેલું પણ તે રા'ખેંગારને પરણેલી. સિદ્ધરાજ જૂનાગઢ ઉપરકોટ ચડયો પણ બાર બાર વર્ષ વીત્યા છતાં ફાવ્યો નહિ. છેવટે રા'ખેંગારના ભાણેજના દગાથી ગુપ્ત-રસ્તે દાખલ થઇ રા'ખેંગારને પાડયો. તો પણ રાણકદેવી સતી થઇ, સિદ્ધરાજને તાબે ન થઈ. તે સતીએ રા'ખેંગાર પડતાં, જે પ્રભાવ પાડેલો તે નીચેના સોરઠાથી સમજાશે:-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઊંચો ગઢ ગિરનાર ! વાદળથી વાતું કરે
પડતાં રા'ખેંગાર ખરડી ખાંગો કાં નવ થયો ?

આ પ્રભાવે જ્યારે પર્વતપત્થરો પડવા મંડયા કે તુરત જ સતી બોલ્યાં :–

ન પડ ન પડ નોધારાનો આધાર
ચોસલાં કોણ ચઢાવશે ?
ગયા ચઢાવણહાર......................

આ પરથી એ સતીના શિયળનો પ્રભાવ સહેજે સમજાઈ રહે છે.

જાહલ જાતની આહિર કન્યા હતી. એનાં માબાપે પોતાના પુત્ર ઉગાને ભોગે પણ રા'નોંઘણને બચાવ્યો હતો. એટલે રા'નોંઘણ એનો (આ રીતે) ધર્મભાઈ ગણાય. એક વખત તે દુષ્કાળને લીધે સિંધમાં તેના પતિ સાથે ગયેલી. ત્યાં એના રૂપ પર મુગ્ધ બનેલા ત્યારના, સિંધરાજા હમીર સુમરાએ, એને રંજાડવા પ્રયત્ન કર્યો હતો. પણ બાઈએ વીરતાપૂર્વક વ્રતરક્ષા કરીને એક સંદેશો જૂનાગઢના રાજા નોંઘણને (પોતાના ધર્મ–બંધુને) મોકલ્યો હતો. એ સંદેશા પરથી તુરત જ વહારે આવી, રા'નોંઘણે એને બચાવી લીધી હતી. તે સંદેશાના કેટલાક સોરઠા આ રહ્યા :–

તું નુતે જે ન હોય, તે તું હુતેજ હુઇ
વીર વિમાસી જોઇ, નવઘણ નવસોરઠધણી
નહિ સગું નહિ સાગવું, નહિ માડીજાયો વીર
(મને) સંધમાં રોકી સુમરે, હાલવા ન દીએ હમીર
સોરઠના સરદાર, મને વિપતનાં વાદળ વળ્યાં
મોંઘા સહુ શણગાર, આજ સોંઘાથી સોંઘા થયા
ગરવો તુજ ગિરનાર, પાધર તારે શોભતો
જાહલના શણગાર, સંધમાં ઉતાર્યા સુમરે
એક આંખે શ્રાવણ વરસે, બીજી ભાદ્રવ નીર

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જાગને ષોડસધીર, નવ'ાણ નવસોરઠધણી
વિપત વેળાના વીર, વહારે ચડજે વહાલમા
સોરઠ ષોડસધીર, નવઘણ સોરઠના ધણી
માંડવ અમારે માલતા, તેદી બાંધવ દીધેલ બોલ
કરને કાપડની કોર, જાહલને જૂનાના ધણી
છેતરી દીધો છેહ. વળતી વાળ્યાં સુમરે
પાડીશ મારી દેહ, સોરઠના શણગાર હું.

સતી સુલોચનાના સતીત્વે પતિના મૃતક મુખને મરકાવ્યું હતું. સુકન્યા સાવિત્રીનું પાત્ર પણ શાસ્ત્રપ્રસિદ્ધ છે.

રામકૃષ્ણ પરમહંસે બંગાલના આધ્યાત્મિક જગતમાં જે ચૈતન્ય રેડયું તે કોનો પ્રતાપ ?

સ્વામી વિવેકાનંદે અમેરિકામાં અસંખ્ય અનુયાયીઓ બનાવી યોગામૃત પાયું તે પણ બ્રહ્મચર્યનો જ પ્રતાપ.

મહર્ષિ દયાનંદનું કથન છે કે " મને કામે કદી સતાવ્યો નથી. કારણ કે એને માર્ગ જ ન મળે તેવો હું પ્રવૃત્તિરક્ત રહું છું."

દયાનંદે ભારતના ધર્મ સમાજમાં જે જાગૃતિ આણી છે તે કોઇના પણ ખ્યાલ બહાર નથી.

મહાત્મા ગાંધીજીએ "સત્ય અને અહિંસાની વફાદારીમાં એકધારો ફાળો આપ્યો હોય તો તે પણ બ્રહ્મચર્યના જ પ્રતાપે.

મીસ કેથેરાઈન એક રશિયાની આદર્શ સમાજ–સેવિકા બની ગઇ. એણે અમીરીમાંથી ફકીરીને પ્યારી ગણી લીધી. તે ગામડાંનાં પછાત, અભણ ને ગરીબ વર્ગની માતા બની. એ પણ બ્રહ્મચર્યનો જ પ્રભાવ !

તમે જગતના કોઈ પણ ક્ષેત્રના વિજેતાનું દૃષ્ટાંત જુઓ અને તમને ત્યાં બ્રહ્મચર્યનો જ મહિમા દેખાશે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ફ્રાંસના વિજય ઇતિહાસમાં ઝાંદાર્ક ઉર્ફે બ્રહ્મચારિણી "જોન ઓફ આર્ક"નું નામ ગૌરવવંતુ છે. ગામડિયણ અને અભણ છતાં મહાશૂરવીર અને ધીમાન એ સોળ જ વર્ષની કુમારીકાએ અનેક બાયલાઓમાં પુરુષાતન પ્રગટાવ્યું અને સેનાનીપદને સાર્થક કરી પડતા ફ્રાંસને અડોલ રાખ્યું.

હિંદમાં પણ વૈધવ્યને અખંડ બ્રહ્મચર્યે શોભાવનારાં અને વિજય વરેલાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને હોલ્કર અહલ્યાબાઇ જેવાં ઉદાહરણ ક્યાં ઓછાં છે?

જર્મનીના ભૂતપૂર્વ સરમુખત્યારને જ જુઓ, જો કે એમની શક્તિનો પ્રવાહ હિંસયુદ્ધને માર્ગે વહ્યો તે અનિષ્ટપ્રદ હતો. પણ એ પ્રવાહનું મૂળ આયાસે કે અનાયાસે પણ પળાએલ બ્રહ્મચર્ય જ હતું. એમાં કોણ ના કહી શકે તેમ છે?

બંગાલના પ્રખર રાષ્ટ્રસેવક અને એ વખતના મહાસભાના બહુમાનીતા પ્રમુખ સુભાષચંદ્ર બોઝની રાષ્ટ્ર સેવામાં કોનો ફાળો હતો?

કોઇપણ સેવાના ભેખધારીને કે આત્મસાધના કે ધર્મસાધનાના યોગધારીને જુઓ, અને તમને બ્રહ્મચર્યનિષ્ઠા જ સાંપડશે! ભગવાન ઇશુ નૈષ્ઠિક બ્રહ્મચારી હતા કે જેમના પ્રણીત ધર્મના ઝંડા નીચે માનવ દુનિયાનો લગભગ ½ ભાગ છે.

અશોજરથુસ્ત્ર કે જેઓ માજદ્દયસ્ની ધર્મના નિરૂપક હતા તેઓ પણ નૈષ્ઠિક બ્રહ્મચારી જ હતા.

**પ્રિય વાંચકો!**

તમે બ્રહ્મચર્યની ભાવનાને હૃદયપૂર્વક સન્માનો છો, ત્યારથી જ તમારામાં એક નવીન જ્યોતિનો સંચાર થતો હોય અને તમે કોઈ અદ્ભુત આહ્લાદની ભૂમિકામાં જતા હો! એમ તમોને ભાસવા માંડે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

છે. તમારી આસપાસના વાતાવરણ પર એની છાયા પડે છે, અને લોકો તમારા તરફ આકર્ષાય છે. જગત તમારામાં મહાન આશા અને વિશ્વાસની દષ્ટિથી દેખવા માંડે છે. માતાઓ તમારા આ તેજને વધાવી આશિષો વરસાવે છે, તમારામાં પ્રેમનું ઇશ્વરી તત્ત્વ કે જે તમારૂં મૌલિક અને અંતિમ મધ્યબિન્દુ છે; તે ખીલવા માંડે છે. વીખરાયેલી બધી શક્તિઓ કેન્દ્રિત થવા માંડે છે. આથી તમારામાં કોઈ અલૌકિક ઉત્સાહ વ્યાપે છે. ચમત્કારિક બળ પ્રગટે છે અને અજોડ ઉલ્લાસની મગ્નદશાનો તમને વારંવાર અનુભવ થવા લાગે છે. ક્રમેક્રમે તમારામાં પરમાત્મપ્રેરણા સ્થાન લે છે અને તમે વિશ્વની મહાન વિભૂતિઓની હરોળને પાત્ર બની જાઓ છો. તમોને સત્યની સાધના સહજ થવા માંડે છે. તમો નિરપેક્ષ નિઃસ્પૃહતાથી નિર્ભય બનો છો. તમારામાં નિર્મળતા અને સરળતા ઉભરાવાથી તમો પ્રેમમય બની રહો છો. તમારું દૈવીજીવન વિશ્વનો આદર્શ બને છે. તમારો સહજાનંદ, વિશ્વજીવનનું પરમ જીવન બને છે; અને તમારા પ્રેમસિંધુને નિહાળી અનેક અસ્તવ્યસ્ત ઝરણીઓ એકત્રિત થઈ સનાતન પંથની વાટે વહેવા માંડે છે! સારાંશ કે, તમો ખુદ મહા નિયમના અચલ ચાલક તથા સ્વયં પરમાત્મસ્વરૂપ બની રહો છો, અને તમારા જીવનમાં એ બ્રહ્મતેજની છાયા વિસ્તરી રહે છે.

## ખચિત માનજો!

"બ્રહ્મચર્ય એ યોગનો અનાહત ધ્વનિ છે."
"બ્રહ્મચર્ય એ મોક્ષમાર્ગનો અનુપમ ભોમિયો છે."
"બ્રહ્મચર્ય એ પરમ દેવાધિદેવનો દ્વારપાલ છે."
"બ્રહ્મચર્ય એ જ આત્મિક પ્રકાશનો અખૂટ જ્યોતિપુંજ છે."
"બ્રહ્મચર્ય જ આત્મરસસિંધુને ભેટનારી મહાસરિતા છે."
"બ્રહ્મચર્ય જ જીવન અને જગતના મહા નિયમને દર્શાવનારી દીવાદાંડી છે."
"બ્રહ્મચર્ય જ સંસારની આંટીઘૂટીમાંથી ઉકેલ આપનાર કિમિયો છે."
"એક બાજુ વેદોના સિદ્ધાંતો મૂકો–
બીજી બાજુ બ્રહ્મચર્યનો મહિમા મૂકો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બ્રહ્મચર્ય જ વધે છે,
બ્રહ્મચર્ય જ જિતે છે.

સૃષ્ટિની સર્વ સિદ્ધિઓ, સંસારની સર્વ સમૃદ્ધિઓ અને સ્વર્ગની સર્વ વિભૂતિઓ એક માત્ર બ્રહ્મચારીના ચરણે જ લોટે છે!

જ્યાં જ્યાં બ્રહ્મચારીનાં પનોતાં પગલાં પડે છે, ત્યાં ત્યાં પુણ્યપુંજ પ્રવૃદ્ધ થાય છે. પાતક માત્ર પલાયન થઈ જાય છે અને અનંત આનંદમંગલ ઉભરાઇ નીકળે છે!

જુગ જુગ જીવો એ બ્રહ્મજ્યોત!

☆

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# કામજન્ય અધઃપાત

## ૪

સંસારે કામ ને ક્રોધ, રજોગુણ થકી ઊઠે;
ખાઉધરા મહા પાપી, વૈરી તે બેય જાણવા.

આ શ્લોક ગીતાનો છે. વળી ગીતા એમ પણ કહે છે કે, "ક્રોધનું મૂળ પણ કામમાં છે." આ પરથી કામ કેટલી બૂરી ચીજ છે, તેનો ખ્યાલ આવી રહે છે. અનુભવ પણ ઉપલી વાતની સાખ પૂરે છે કામવિકારને પરિણામે ભલભલા ખાઇમાં પટકી પડયા છે.

રાવણના સર્વનાશનું કારણ પરસ્ત્રીહરણ જ હતું. ધન્નદત્ત શેઠનો સુપુત્ર એલચીકુમાર એક નટડીની પાછળ રૂપમુગ્ધ થઇને કેટલી હદ સુધી પતન પામ્યો હતો, તે કથા જૈન સંપ્રદાયમાં જગજાહેર છે.

વિનયચંદ્રજી નામના એક સદ્દગત જૈન સ્થા. મુનિએ પોતાના ગ્રંથમાં કચ્છની એક એવી કરુણ ઘટના મૂકી છે તે આ મુજબ છેઃ—

એક ભંગીમાં આસક્ત શેઠાણીનું બદચલન તેનો જ સમજણો છોકરો જોઇ ગયો અને એનાથી બોલાઇ જવાયું : "હું મારા બાપાને કહી દઇશ." તુરત જ ચીડાયેલી એ વખતની નરરાક્ષસીએ છરી, ચપ્પાના ઘા કર્યા. અને પોતાના જ પુત્રનું ગળું ટૂંપીને એને મારી નાખ્યો. અને ઝટ મેડે પડેલા ભરોટિયામાં છૂપાવી દીધો. તેવામાં જ એ છોકરાનો બાપ જમવા આવ્યો. તે જમવા બેઠો. ત્યાં ભાણામાં જ ઉપર પડેલા છોકરાના લોહીનું ટીપું પડયું. આથી તે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જમવાનું પડતું મૂકી ઉપર જોવા ગયો. પાછળ એનો મોટો પુત્ર જમતો હતો, તે પણ મેડે ગયો. આ બાઈએ જાણ્યું કે આ વાત હવે છાની નહિ રહે અને મારી ફજેતી થશે. તેમજ મને ફાંસી મળશે. તેણે તુરત મેડામાંથી ઉતરવાનું બારણું બંધ કરી દીધું અને ઘાસવાળા પાસેના ઓરડામાં આગ ચાંપી દીધી અને પોતે નાસી છટકીને કયાંક ચાલી ગઈ.

માણસ એક પાપને છુપાવવા માટે કેટલાં પાપો કરે છે!

આમાં સ્ત્રીનો દોષ નથી, દોષ તો કામ વિકારનો છે. બાકી ઉત્તરાએ અભિમન્યુને અને એવી અનેક ક્ષત્રિયાણીઓએ કર્તવ્ય ચૂકતા પુરુષોને ઠેકાણે આણ્યા છે. તેમાં પણ રાજીમતીનામનું સ્ત્રી પાત્ર તો જૈન આગમમાં એવું અદ્ભુત છે કે જેણે કુંવારા પતિના સંન્યાસનું એવું જ અનુકરણ કર્યું હતું અને તે સાધ્વીએ એકાંતમાં ડગી ગયેલા રહનેમિ નામના સાધુનો ઉદ્ધાર કરી સ્ત્રીજગતની કીર્તિ પર કળશ ચઢાવ્યો હતો.

શાસ્ત્ર, ઇતિહાસ અને વર્તમાનના અનેક દાખલા કામાસક્તિ-જન્ય પતનના સાંપડશે. તેમાં પણ આ કાળે તો શારીરિક, વાચિક, માનસિક, નૈતિક, આર્થિક એમ શતધા અધોગતિ કામાસક્તિએ જ યોજી છે. એમાં ના પડાય તેમ જ નથી.

જે લોકો આમાં માત્ર સ્ત્રીનો જ દોષ જોઈ રાક્ષસી કે નાગણી જેવાં અપમાનિત વિશેષણો વાપરે છે, તેઓ ભીંત ભૂલે છે. સ્ત્રી કે પુરુષ પોતે નહિ પણ કામવાસના જ બુરી ચીજ છે!

જુઓ વિદ્યાગુરુ અને શિષ્યનાં લગ્નો આ કાળે બની રહ્યાં છે, મામા–ભાણેજ વચ્ચેના વિકારી પ્રેમના કિસ્સાઓ પણ બહાર આવે છે. કેટલાંક મોહઘેલાં યુગલો આપઘાત કરે છે. છૂપા અનાચારો, ગર્ભપાતો કે અકુદરતી સંતતિનિરોધો, સૃષ્ટિ વિરુદ્ધ કર્મો, છડેચોક ફેલાતાં વેશ્યાગારો આ બધું શું સૂચવે છે?

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## સાફસાફ વાતો

ખુલ્લી રીતે દારુ, માંસાહાર વગેરેના પરવાના અને સટ્ટાખોરી-જન્ય ધનમાંથી આવાં દૂષણો જન્મે છે. ત્યાં અને સૈનિકોની ખાતર યોજાતાં વેશ્યાગૃહો તથા આજના અપૌષ્ટિક ખોરાકો, નાગરિક હકો ઉપર પણ તરાપ મારી પ્રજાના હણાયેલા સ્વત્વ માટે આજની રાજ્ય–સંસ્થા મુખ્યત્વે જવાબદાર છે.

આજના સમાજમાં ધન; અનીતિજન્ય ભલે હો, તો પણ તેવા ધનની જે પ્રતિષ્ઠા છે, તેને લીધે બાળલગ્ન, વિધવા માતાઓની અસહાયદશા, સ્ત્રી જાતિ પ્રત્યે સન્માનનો અભાવ, કારખાનાં અને મિલોમાં થતી ચારિત્ર્ય હાનિ, ચા, બીડી, આદિ વ્યસનોનો પ્રચાર આ બધામાં સમાજ મહાન જવાબદાર છે અને સમાજની આ બદીઓની સામે પ્રખર અવાજ જેને ઉઠાવવો ઘટે તે ધર્મસંસ્થા પણ જવાબદાર છે.

અલબત્ત ધર્મસંસ્થા, રાજસંસ્થા અને સમાજસંસ્થામાં વ્યક્તિ જ અગત્યનું અંગ છે, એટલે એ દૃષ્ટિએ "યૌવનમાં" પ્રાણ અને કામ વિકારના પેરેગ્રાફમાં એને ઉદ્દેશીને જે પ્રેરક ફકરો મૂકયો છે, તે અહીં ટાંકવો પ્રાસંગિક થઇ પડશે.

## 'પ્રાણ અને કામવિકાર'

કામનામય પ્રાણ જ તમને કુમાર્ગે દોરી જાય છે. અને તમો વીર્ય જેવી જીવનમોંઘી મહામૂલી વસ્તુને ક્ષણવારમાં ગુમાવી બેસી હતાશા વહોરો છો. યાદ રાખો, માનવીનું મૂલ્ય મનુષ્યના દેહ માત્રથી નથી, પણ માનવીના વીર્યથી છે. વીર્ય હોય ત્યાં લગી તમે સમર્થ શહેનશાહ છો, તમારામાં ચૈતન્ય, થનગનાટ કરે છે, પણ જ્યારે એ ઢોળાઈ ગયું કે તમો એક પામરની પંકિતમાં મુકાઈ જાઓ છો. તમો જેમ જેમ શકિતશાળી અને સુંદર બનતા જાઓ છો, તેમ તેમ તમારા ઉપર પ્રાણ; વધુને વધુ હુમલા કરે છે. જુવાની અગર તરુણતા એની પરમ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સહચરી છે, માટે જ તમારે એ સ્થિતિમાં વધુને વધુ ચેતતા રહેવાનું છે. યાદ રાખો ! એક વાર પણ કાબૂ ગુમાવ્યો એટલે પ્રાણ તમારી બુદ્ધિને તથા હૃદયને પણ વાસનામય બનાવી મૂકશે. અને તમે જેમ જેમ વાસનાને વશ થતા જશો તેમ તેમ તમારી ગુલામી વધતી જ જશે. એક માત્ર વાસનાનો (વિચાર) વિકલ્પ આવે ત્યારથી તમારી નીચે ગબડવાની શરૂઆત થઇ જશે. તમારા ઉચ્ચ વિચારો અને જ્યોતિ કોઇ છીનવી લેતું હોય એમ લાગશે અને આખરે તમે ઠેઠ ત્યાં લગી પહોંચી જશો કે વીર્ય જેવી અમૂલ વસ્તુના દાતા હોવા છતાં નબળામાં નબળા યાચકના પણ પગ ચાટવા પડશે. અહો કેવું અધઃપતન ! કયાં તમારું સર્વોપરી શાસન ! કયાં તમારો ઉંચેરા ગગનની સાથે વાત કરતો વિજેતા વાવટો ! ! ! કયાં તમારૂં સર્વતોવ્યાપી સુંદર છત્ર ! ! ! અને કયાં નરકભૂમિની સાથે ખદબદતું તમારું ચૈતન્ય ! બન્ને સ્થિતિમાં કેટલું મહાન અંતર ! ! ! !

(જ્યારે) બ્રહ્મચર્યરક્ષણથી તમારામાં અદ્ભુત કાંતિપ્રભાવ વ્યાપે છે. બ્રહ્મચર્યરક્ષાથી રોગો દૂર જ નાસે છે. કોઈ પણ પ્રખર બ્રહ્મચારીને મહારોગ થયો જાણ્યો નથી. એટલું જ નહિ બલ્કે એકાગ્રતાના બળે તે અનેક દર્દીઓના રોગોને નાબૂદ કરી શકે છે. ઇશુ; નૈષ્ઠિક બ્રહ્મચારી હતા અને તેમણે અનેક દર્દીઓને એ બળે હસતા કરી દીધાનો ઉલ્લેખ બાઇબલમાં મળે છે.

બ્રહ્મચર્યના બળે વીર્યપ્રવાહ વિકૃત થતો અટકી એવું તેજસ્ ધરે છે કે જે પ્રવાહ મસ્તિષ્કમાં ચઢીને બ્રહ્મચારીની જ્યોતને અલૌકિક બનાવે છે.

નબળા મનનો અને ખડતલ કાયા વગરનો અને વધુ પડતો જેના પર બોજો–પછી તે શારીરિક શ્રમનો હો કે માનસિક શ્રમનો ! તે–પડે છે તે મનુષ્ય તુરત જ કામવિકારને વશ થઈ જાય છે. પાંચે ઇંદ્રિયોના વિષયથી મનને પાછું વાળવું. જૈનસૂત્રમાં કહ્યું છે તેમ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કાચબાની માફક ઇંદ્રિયોનો સંવર કરવો ગીતા પણ એમ જ કહે છે. ઇંદ્રિયો વિષય ભણી મોકળી મુકાય છે ત્યારે તે મનને પણ તે તરફ ખેંચે છે અને પછી પ્રજ્ઞા જતાં આત્માનો અધઃપાત થાય છે.

એકએક વિષયમાં રકત રહેલાં પશુપંખીઓની શી દશા થાય છે? જુઓ.

સ્પર્શેન્દ્રિયવિષયના રાગી હાથી; બનાવટી હાથણીના મોહમાં ખેંચાઇ ખાઈમાં પડી જાય છે અને કેવું કરૂણ મૃત્યુ વહોરે છે જુઓ!

રસનેંદ્રિયવિષયના રાગને લીધે માછલું લોખંડના કાંટામાં કેવું ભરાઇ જાય છે!

ગંધાસકિતને લીધે કમલિનીમાં પુરાયેલો ભ્રમરો હાથીનો ભક્ષ કેવો બની જાય છે!

રૂપમાં મુગ્ધ બનેલો પતંગ બળતા દીપકમાં ઝંપલાઇને કેવો ભોગ બની જાય છે!

શબ્દરાગી ભુજંગ મોરલીના તાને કેવો પરાધીન થાય છે!

એકએક વિષયમાં જો આવી ગતિ થાય છે, તો પંચ વિષયમાં આસકત અને તે પણ બુદ્ધિ સહિત આસકત એવા મનુષ્યની શી ગતિ થતી હશે?

જેઓ ઋતુ કે અઋતુ, દિન કે રાત, સ્થાન કે અસ્થાન પાત્ર કે અપાત્ર કશું જોયા વિના વ્યભિચારને માર્ગે જ વળી જાય છે, તે માટે મહા ખેદ પ્રગટ કરતા ગોસ્વામી–તુલસીદાસજી કહે છેઃ–

કાર્તિક માસકે કૂતરે, તજે અન્ન ઓર પ્યાસ,
તુલસી વાકી કયા ગતિ, જિસકા બારે માસ—

મતલબ કે વિકારજન્ય અધોગતિ સર્વહાનિ કરતાં વધુ ભયંકર હાનિ કરે છે.

સિનેમા કે નાટકનાં વિકૃત શ્રૃંગારી ચિત્રો, નૃત્યો અને ગાયનો,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સમાજમાં ગલીચ મશ્કરીઓ અને થતા વિકારી વાર્તાલાપો, ગાળોની અનુચિત પધ્ધતિ, સ્ત્રી પુરુષના કાયમી સહચારો, અનૈતિહાસિક નવલ કથાઓનો ધોધ, કૃત્રિમ સંતતિનિયમનના સાધનોનો પ્રચાર, વૈદ્ય ડોકટરની બિભત્સ જાહેર ખબરો અને ઉપચારો; આ બધું કામરૂપી અગ્નિમાં ઘી હોમાયાની ગરજ સારે છે. તેનો પ્રત્યક્ષ પુરાવો આ રહ્યોઃ—

## 'સીનેમા નહિ બતાવુ'

"ધનસુખલાલ વૈષ્ણવે પ્રજાબંધુ તા. ૧૮–૨–૪૫ ના 'મારા સંતાનોને સીનેમા નહિ બતાવું' એ લેખ લખ્યો છે, તેમાં તેમણે પોતાનાં ૮–૧૧ વર્ષનાં બે બાળકોમાં અકાળે વિકસતી જાતીય જાગૃતિ વિષે પોતાનો દુઃખદ અનુભવ પ્રગટ કર્યો છે. અને તેઓ તો કહે છેઃ- જે પ્રજા નિર્બળ, પ્રેમઘેલી, નાની વયમાં જુવાની ધારણ કરતી તેમજ અકાળે વૃદ્ધ બનેલી દેખાય છે, તે સીનેમાની જ અસર છે."

આ અનુભવ જાત વિચારો પર પ્રત્યેક વિચારકે ગંભીરપણે મનન કરવાની જરૂર છે, અને એટલે જ બ્રહ્મચર્યવિષયક મૌલિક વિચારણાની તેટલીજ જરૂરીઆત ઊભી થાય છે. વારંવાર એ કહેવાની કશી જરૂર નથી કે શકિતનો–આત્મશકિતનો વધુમાં વધુ વ્યય કામવાસનાથી જ થાય છે. એટલે એ પર વિજય મેળવ્યા વિના કોઇપણ વિજય એ સાચો વિજય નથી.

કામવાસના મૂળ મનનો વિષય છે. પરંતુ મનને એકાએક કાબૂમાં લાવતાં પહેલાં શારીરિક અને વાચિક સંયમથી બ્રહ્મચર્યની શરૂઆત કરવી જાઇએ.

આ દૃષ્ટિએ એક ભકત કહે છેઃ–

"મન ગયા તો જાને દે,
પર મત જાય શરીર;
બિગર છોડી કામઠી,
કયોં લગેગો તીર."

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આનો અર્થ હરગિજ એ તો નથી જ કે શરીરને વશ રાખવું અને મનને મોકળું મૂકવું. એમ કરવું એ તો ગીતાની દૃષ્ટિએ મિથ્યાચાર જ છે. આવા મિથ્યાચારીઓ રોગી અને બીજી અનેક રીતે વિકૃત હોય છે. તેવા લોકોને ગાંડપણ પણ થઈ જાય છે. આવા લોકોના અનુભવો પરથી જાતીયવૈજ્ઞાનિક 'ફ્રોઈડ' વગેરે કામને કુદરતી પ્રેરણા સુધી માનવા લલચાયા હોય એ બનવા જોગ છે. ઘણા પાશ્ચિમાત્ય ડૉકટરો અને એ પ્રવાહમાં કેટલાક પૌર્વાત્ય ડૉકટરો પણ તણાયા હોય છે, અને એ તત્ત્વજ્ઞાન ઉપર જ શ્રીમતી 'હાઉ માર્ટિન' કે શ્રીમતી 'માર્ગરેટ સેંગર'ની સંતતિ નિયમનની પીઠિકા હોય એમ ગાંધીજી સાથે થયેલા તેમના વાર્તાલાપ પરથી મને ભાસે છે, પણ ખરી રીતે કામ એ મૂળ અર્થમાં સહજ પ્રેરણા નથી. પ્રાણની હલકી દશામાં જ તે સ્ફુરે છે. પણ પ્રાણની ઉત્તમ દશામાં તે આપોઆપ શમી જાય છે. કામવિકારનું પોષણ અને ક્ષુધાપોષણ બન્ને વચ્ચે મહાન અંતર છે. ક્ષુધાતૃપ્તિ થયા બાદ પ્રસાદ થાય છે. સ્ફૂર્તિ સાંપડે છે કામવિકારની પુષ્ટિ પછી એથી ઊલટો જ અનુભવ થાય છે, એટલે જ ઈચ્છાપૂર્વકનો એના પરનો અંકુશ સ્વાભાવિક બને છે. તે ગાંડાને સાજા કરે છે. મહાન દર્દીને પણ જો તે આ પંથનું સહેજે પાલન કરે તો પણ નીરોગી બનાવે છે, અને અગાઉ કહ્યું તેમ આધ્યાત્મિકતાને માર્ગે ગમન કરાવે છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# બ્રહ્મવ્રતનું પ્રાથમિક સ્વરૂપ

## ૫

એ વ્રતનું પ્રાથમિક સ્વરૂપ આ છેઃ—

"હું મનુષ્ય કે તિર્યંચ સંબંધી સ્ત્રી કે પુરુષ જોડે કામાસક્તિથી જન્મતી કોઈપણ માનસિક, વાચિક કે કાયિક ચેષ્ટાને અંકુશમાં રાખીશ. માનસિક અને વાચિક સ્ખલના કોઇ પૂર્વાભ્યાસને લીધે થઈ જાય તો પણ કાયાએ તો ભંગ કરીશ જ નહિ."

બ્રહ્મપંથે સિદ્ધિ મેળવવા જનાર બ્રહ્મવ્રતધારી સાધકનું મંગળાચરણ આ રીતે થાય છે. અને છેવટે તે તે માર્ગે જતો જતો અંતે બ્રહ્મચર્યની સંપૂર્ણ સિદ્ધિ પામીને તે જગત અને જીવનના અંતિમ આદર્શરૂપ બની જાય છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# બે માર્ગ

૬

બ્રહ્મપંથે પગરણ માંડનારાઓમાં એક વર્ગ એવો છે કે જે પરણ્યા પછી કાયમ બ્રહ્મચર્ય પાળી પોતાનું, સમાજનું, દેશનું અને દુનિયાનું કલ્યાણ સાધે છે.

જો કે સામાન્ય રીતે આજની દુનિયામાં પ્રાણના કામનામય વેગને લીધે પરણવું એટલે જ જાણે સંભોગ ભોગવવા એવો અર્થ થાય છે. ખરી રીતે પરણવું એ સંભોગાર્થે છે જ નહિ. એમ હોય તો:–

**"गृहस्थाश्रमसमो धर्मः न भूतो न भविष्यति"**

એ સૂત્ર શાસ્ત્રમાં સ્થાન ન જ પામી શકે! પણ એ છે. કારણ કે જે કાળે ભારતની પ્રજાને પ્રાણવાહી જન સંખ્યાની જરૂર હતી, તે કાળે અમોઘ અને વીર સંતાન માટે જ ઉપલું સૂત્ર હતું. સંયમી લોકો કેવળ સંન્યાસ માર્ગે જ જાય તો એ લાભ ન મળે. તે હેતુએ ગૃહસ્થાશ્રમનો કંઇક વધુ પડતો આગ્રહ હતો. વાનપ્રસ્થ કે ત્યાગી પાસે નિયોગપદ્ધતિની માંગણીમાં પણ તે કાળે સમાજ રસ ધરાવતો, તે વાતો એનું સચોટ પ્રમાણ છે. જ્યારે હદ બહાર એ રૂઢ થયું ત્યારે શ્રીમાન શંકરાચાર્યે એમાં ક્રાંતિ કરી છે.

એવાં દંપતી અનેક મળે છે કે જેણે પરણ્યા પછી પણ સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળીને વધુ ઉન્નતિ સાધી હોય!

જૈન ગ્રંથોમાં વિજય શેઠ અને વિજયા શેઠાણીનું ઉદાહરણ મહાન ચેતનપ્રદ છે. તેઓ તો એક જ શૈયામાં વસવા છતાં પૂર્ણ બ્રહ્મચર્ય પાળી ગયાં છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વૈદિક સંપ્રદાયોમાં રામકૃષ્ણ પરમહંસ અને શારદાદેવીનું ઉદાહરણ જ્વલંત છે. પરણ્યા પછી એ સંન્યાસીએ પોતાનાં પત્નીને 'મા' રૂપે જ પૂજીને જગતમાં ડંકો વગડાવ્યો છે. અને એ 'મા'એ ખરે જ મહાશક્તિરૂપે પોતાનો જવાબવાળી સ્ત્રી સમાજને ઉન્નત બનાવી દીધો છે. આપણા અનુભવમાં આજે પણ વિવાહિત થયા બાદ બ્રહ્મચર્ય પાળતાં યુગલો નજરે પડે છે.

પરણ્યા પછી અડોલ એક પતિવ્રત કે એક પત્નીવ્રત પાળીને પણ ઘણાં નરનારીઓ અદ્ભુત બની ગયાં છે. આવી સતી સ્ત્રીઓ વિષે અગાઉ ખૂબ કહેવાયું જ છે.

પુરુષો વિષે એક પરમ સાધુ સ્થૂળભદ્રને આપણે જોઇ ગયા છીએ. ગૃહસ્થમાં એક સુદર્શન નામનું જૈન સાહિત્યનું પાત્ર છે. તે શેઠ હતા, તેનું રૂપ અવર્ણ્ય હતું. 'નારી દેખી મુનિવર ચળે' એ ઉક્તિમાં તો શંકર, નારદ, રહનેમિ અને એવા અનેક યોગીઓ પણ આવી ગયા છે. પણ પુરુષ દેખી નારી આટલી હદે ચળે, એવું ભાગ્યે જ દેખાશે.

આ સુદર્શન ઉપર એ નગરની રાજમાતા અભયારાણી એટલી તો મુગ્ધ બની હતી કે એણે છળ કરી એને એકાંતમાં બોલાવ્યો. અનેક રીતે સ્પર્શો કર્યા. અનેક લાલચો આપી છતાં મહાન એકપત્નીવ્રતધારી સુદર્શન ન જ ચળ્યો તે ન જ ચળ્યો. આથી છેડાએલી અભયાએ એના પર કલંક નાખી હાહાકાર મચાવ્યો. ક્રોધાતુર રાજાએ દીર્ઘ વિચાર વગર જ એને શૂળીની સજા ફરમાવી. નિંદાપ્રિય લોકોએ સુદર્શનને અપજશને ચાકડે ચઢાવ્યો. પરંતુ અહિંસા, સત્ય અને બ્રહ્મચર્યમાં અડોલ સુદર્શન સ્વસ્થ જ રહ્યો. અંતે તો સત્ય જ તરી આવ્યું. અને ત્યારે પણ અભયાને એણે અભય અપાવ્યું અને નમ્રતા જાળવી રાખી. સાચે જ માનવું પડશે કે આવા લોકો દુનિયામાં મહાન રત્નો છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પરણ્યા પછી—એક સંતાન પછી બ્રહ્મચારી રહેનારમાં સમસ્ત સંસારને આદર્શરૂપ ભગવાન મહાવીરનું જીવનચરિત્ર વારંવાર વિચારવા લાયક છે. તેમણે પુત્રસંતાનથી જ નહિ પણ પુત્રીસંતાનથી તૃપ્ત રહી આદર્શ ગૃહસ્થાશ્રમના એક પત્નીવ્રતનું અને સ્ત્રી પુરુષ વચ્ચે કુદરતી સમાનતાનું સચોટ ભાન કરાવ્યું છે. આ પરથી એક ગૃહસ્થ માટે બ્રહ્મચર્ય સ્વાભાવિક નથી એમ કહેનાર માત્રનું મોઢું બંધ થઈ જશે.

ખરી રીતે લગ્ન જીવનનું મંડાણ કામવિકારની પૂર્તિ માટે નહિ, પણ કામવિકારના નિયમનમાંથી જ થયું છે. એટલે જ અમેરીકન ડો. 'થોરો' સિંહની જેમ આદર્શ ગૃહસ્થને એકવારની સંભોગક્રિયા પછી સંતોષનું સૂચવે છે—છતાં પણ શિષ્યો જ્યારે પ્રશ્ન કરે છે કે, તેટલેથી ન રહેવાય તો ? ત્યારે કહે છે–'વર્ષમાં એક જ વાર' તેથી પણ તૃપ્ત ન રહેવાય તો ? છ માસમાં એક જ વાર' અને તેથી પણ તૃપ્ત ન રહેવાય તો મૃત્યુને જ નોતરવાનું કહે છે. આ પરથી યૂરોપના પણ નિષ્ણાતો બ્રહ્મચર્યને જ સ્વાભાવિક માની કેટલું મહત્ત્વ આપે છે, તે સારી પેઠે સમજાય છે.

એટલે જ સંતાનોત્પત્તિની અનિવાર્ય જરૂરિયાત સિવાયનો સંભોગ એ સ્વસ્ત્રી વ્યભિચાર જ છે—અને કામ વિકારની તૃપ્તિ કદી કોઈની પણ થઇ છે ખરી ?

ભોગોને ભોગવ્યે કો'દી
ભોગેચ્છા શાંત ના થતી;
ઘી હોમ્યે અગ્નિની પેઠે,
પળે પળે વધ્યે જતી.

આ શાસ્ત્રવચન છે. અને આ પણ અનુભવી ઉદ્દ્ગાર છે કે:–

"માજાતિનાં માંસલચર્મ ચૂથ્યાં
તોયે ન પામ્યો રસ એક બિંદુ."

એટલે જ બ્રહ્મચર્ય જ સ્વાભાવિક છે, બ્રહ્મચારી જ, લોહીનાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નહિ પણ વિચારનાં સંતાનો ઘડી સૃષ્ટિને ચારિત્ર્યની સુગંધથી ફોરતી કરી મૂકે છે. વીર્યસંતતિ કરતાં વિચારસંતતિ સર્વોપરી છે જ.

અગાઉના કાળમાં વાનપ્રસ્થાશ્રમની મહત્તા એ ખાતર હતી કે તેમાં પતિ-પત્ની બંનેએ બ્રહ્મચર્ય સાથે રહીને પાળવાનું હતું. આજના જગતનો વાનપ્રસ્થ; વનમાં રહેનાર નહિ પણ સમાજમાં રહીને સેવા કરનાર હશે. અને આજે આવા વર્ગની ખૂબ જરૂર છે. મહાત્મા ગાંધીજી આવા વાનપ્રસ્થોમાં જ્વલંત ઉદાહરણ રૂપ હતા. તેઓ પોતાના અનુભવથી કહેતા સ્ત્રી સહિત બ્રહ્મચર્ય પાળનાર ગૃહસ્થયુગલની મોજ તો કોઇ અનેરી જ હોય છે. તેમની આ મોજમાં કસ્તૂરબાનો ફાળો બહુ મૂલો હતો. ગાંધીજીને તો વિશ્વખ્યાતિ પણ મળી, પણ ખ્યાતિ માત્રથી પર છતાં બ્રહ્મચર્યને માર્ગે જનાર તે જગદંબા તો ખરે જ જગદંબા જ ગણાય. આ અને પતિ પ્રત્યેની અનન્ય ભક્તિની દૃષ્ટિએ કસ્તૂરબા ગાંધીજી કરતાંય ઉન્નત હતા.

આજે પ્રત્યેક ગૃહસ્થાશ્રમીઓએ અમુક વર્ષ બાદ કાયમ બ્રહ્મચારી રહેવાનું અને મર્યાદિત બ્રહ્મચર્ય બો પત્ની સાથે રહેવા છતાં પાળવાનું ખાસ જરૂરી છે.

કૂતરાંઓને પણ ખાસ ઋતુ સિવાય કંઇક મર્યાદા હોય છે. આજે જુવાનીમાં ઘરડા બની બેઠેલા યુગલો મહિનામાં અમુક જ દહાડા રાખી સ્વસ્ત્રીવ્યભિચારના પાપથી બચે અને જિંદગીને આરે બેઠેલાઓ પોતાના મૃત્યુને સુધારે એ ખાસ જરુરતું છે.

વિધવા બહેનોને બ્રહ્મચર્યની પુષ્ટિ આપનારાંઓએ વિધવાબહેનનાં માબાપોને અને વિધુરોને પણ એવું જ કહેવાની અને એમની સાન ઠેકાણે ન આવે તો પરાણે લાવવા માટે પ્રબળ જેહાદ જગાવવાની બહુબહુ જરૂર છે.

આમ કરવાથી ગ્રામ અને સમાજ સારુ સેવકોની જે ખોટ પડી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

છે તે પુરાશે સમાજ સંસ્થામાં ફેલાએલો વ્યભિચારનો મહામારી મચક મૂકશે. ક્ષય, હૃદયબંધ, દમ જેવા ભયંકર અને અન્ય રોગો પણ ઘટશે. આયુઃ પ્રમાણ પૂરું થશે. બાળ મરણો અટકશે. વેશ્યાઓની વૃદ્ધિ પણ અટકશે અને સંસ્કૃતિનું સામ્રાજ્ય વિલસશે !

આ રીતે જોતાં જગતમાં બીજો વર્ગ એવો છે કે જેઓ કુંવારા રહી કર્મયોગ, જ્ઞાનયોગ કે ભકિતયોગ પૈકીના એકને પ્રધાન બનાવી પોતાનું જીવન નિર્વહે છે.

જૈન સાધુસાધ્વીસંસ્થામાં કુંવારાપણે દીક્ષા લઈ સંન્યાસ જીવનને દીપાવનારાં અનેક રત્નો પૂર્વકાળે હતાં. આજે પણ છે. પરંતુ બાળ-દીક્ષાના મોહે એમાં મોટો વંટોળ પેદા કર્યો છે એ પણ આજે કહેવું જ જોઇએ

વૈદિક સંન્યાસી સંસ્થામાં સ્ત્રીઓને સ્થાન નથી. તેથી તેમાં સ્ત્રીઓની સંન્યાસ શકિત ભકિત સંપ્રદાયોમાં વળી જતી હોય છે. પણ આજે કર્મયોગી કુમારીકાઓની પુષ્કળ જરૂર છે, અને રાષ્ટ્ર-આંદોલન પછી આવાં રત્નો કવચિત્ સાંપડ્યાં છે ખરાં. પણ આજે નવલોહિયાં યુવક અને યુવતીઓએ આજના સમાજને સુસંસ્કૃત બનાવવા તથા રાષ્ટ્રસ્વતંત્રતાની વેદી પરની નવરચના કરવા માટે આજીવન કૌમાર્યવ્રતનો ભેખ ધરવો પડશે તથા સાધુ સંન્યાસીઓએ પોતાના ત્યાગને સેવા અને આત્મોન્નતિના સમન્વયમાં સાધવો રહેશે !

★

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# બ્રહ્મચર્ય સંબંધી નિયમો

૭

'બ્રહ્મચર્યની સાધના' કેવળ બ્રહ્મચર્યના ચમત્કારો વાંચવાથી કે બ્રહ્મચારીઓને જોવા માત્રથી થતી નથી. તેને સારુ પરમપુરૂષાર્થની જરૂર છે. એ પરમપુરુષાર્થ ખેડનારને જે નિયમો પ્રત્યે ખૂબ ધ્યાન આપવાનું છે તે નિયમો આ રહ્યાઃ—

## (ક) સ્વાદ વિજય—વ્યસન વિજય.

જૈન આગમમાં સ્વાદસંયમ વિષે ખાસ કહેવામાં આવ્યું છે. જેમ સ્વાદુફળોને પંખી છોડતાં જ નથી, તેમ સ્વાદરાગી પુરુષની પૂંઠે વિષયો લાગ્યા જ રહે છે.

અસ્વાદવ્રતનો મહિમા ગાંધીજીને ખૂબ સમજાયો હતો. તેઓ બકરીનું દૂધ, ફળો અને બાફેલાં શાકનો વપરાશ કરતા.

વૈદિક ઋષિમુનિઓ કંદ વાપરતા પણ તેઓ એકલા કંદ સહજ લબ્ધ હોવાથી વાપરતા. એનું અંધ અનુકરણ કરી ઉપવાસમાં જેઓ કંદાહાર કરે છે તે ઇચ્છવા યોગ્ય નથી. તે જ રીતે કેવળ ફળાહાર કે કેવળ દુગ્ધાહાર આજના સંયોગોમાં સર્વત્ર અને સર્વ-સુલભ નથી.

બ્રહ્મચર્યેચ્છુકે માંસાહાર છોડવો જ જોઇએ. સ્વામી વિવેકાનંદ કોઇ સંયોગોમાં લેતા; છતાં એમણે એને પોતાની ખામી બતાવી છે. કોઈપણ ધર્મ; માંસાહારનું વિધાન જ કરતો નથી. છતાં ઈસ્લામને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કે ખ્રિસ્તને નામે જેઓ વિધાન માને છે, તેઓ તે ધર્મના સર્વ-સંયોગોને દીર્ઘદૃષ્ટિએ વિચાર કરશે તો આપોઆપ જ ઉપલી વાત તેમને સમજાયા વગર નહિ રહે. દારૂ માણસની વિવેકબુદ્ધિને નષ્ટ કરે છે અને વિકારને ઉત્તેજે છે, તે જાણીતી વાત છે.

અપ્રમાણિકપણાથી મેળવેલો ખોરાક પણ ભૂરી અસર મગજ પર પેદા કરે છે. એક શેઠ હરામની જુવારનાં ધારવડાં ખાધા પછી પોતાની જ પુત્રી પર વિકારી બન્યો હતો. એ જેવો હાથ પકડવા જાય છે, તેવી જ સુશીલ પુત્રી ચેતી ગઇ અને એ માતા પાસે જઈ આ વાત કરતાં કરતાં રડી પડી. ચાલાક માતા કારણ કળી ગઇ. તેણે જુલાબની ગોળી આપી. જંગલ ગયા બાદ શેઠની વિવેકબુદ્ધિ ઠેકાણે આવી ગઇ અને તેને ભારે પશ્ચાત્તાપ થયો.

જુગાર, સટ્ટો, વધુ નફાખોરી, મહા યંત્રનિષ્ઠા અને ચોરી જેવાં મહાવ્યસનો તો બ્રહ્મચારીને ન જ છાજે. એટલું જ નહિ બલ્કે 'ચા, બીડી' જેવાં સમાજમાન્ય વ્યસનો પણ બ્રહ્મચારીને બ્રહ્મચર્યસાધનામાં હાનિકર છે.

એક જિજ્ઞાસુ ભાઇએ પોતાના જાત અનુભવથી કહ્યું છે કે બીડીસીગારે મારા વિકારોની ઉત્તેજનામાં કારમો ભાગ ભજવ્યો છે.

'ચા'થી થતાં વીર્યનું પાતળાપણું અને નબળાઈ, 'ચા'થી થતાં બીજાં આર્થિક, ગોવિષયક આદિ નુકસાનોની સાથે બ્રહ્મચર્યની સાધનામાં અંતરાય ઊભા કરે જ છે.

એટલે ગાયનું દૂધ, મરચાં અને તેલની ઓછામાં ઓછી વપરાશ, મિષ્ટાન્નો ઉપર અંકુશ, સહજ લભ્ય સસ્તાં ફળો, ઘઉં, બાજરી વગેરે અનાજો, કઠોળનો શકય એટલો ઓછો વપરાશ, તળેલા ખોરાકોને ટાળવાની ટેવ, ખાંડ પર અંકુશ; ફરસાણો પર અંકુશ આ બધું જોવું જરૂરનું છે.

જે ખૂબ શ્રમજીવી નથી તેને માટે ડુંગળી લસણનો વપરાશ જોખમી છે. બટાટાં, શકરિયાં, ગાજર એવી વનસ્પતિઓનો ઇરાદા-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પૂર્વકનો વપરાશ અસ્વાદવ્રતનો ઘાતક થઇ પડવાનો સંભવ રહે છે. અને તેથી બ્રહ્મચર્યની સાધનામાં ડખલ ઊભી થાય છે.

## (ખ) રાત્રિ ભોજન ત્યાગ-શરીરશ્રમનો આગ્રહ

પોતાની હોજરી ખૂબ સાફ રહે એ બ્રહ્મચર્યના સાધકે ખાસ જોતા રહેવું જોઇએ. આવા સાધકને નિયમિત દસ્તની હાજત થવી જોઇએ. મતલબ કે તેને કબજિયાતની ફરિયાદ ન હોવી જોઇએ. આ દૃષ્ટિએ રાત્રિભોજનનો ત્યાગ અને આગ્રહ પણ જરૂરનો છે.

રાત્રિ ભોજન ત્યાગથી હોજરી પર બોજો હળવો થાય છે. અને મિતશરીરશ્રમ રહેવાથી રકતાભિસરણમાં અનુકૂળતા થાય છે. ખોરાક પચવાથી અને અનુકૂળ લોહી વધવાથી શકિત જળવાઈ રહે છે. અને માનસિક ઉત્તેજન થવાથી નિર્બળ માણસો જેમ ડગલે પગલે વિકારવશ થાય છે, તેમ એ વિકારવશ નથી થતા; પણ વિકારયુદ્ધમાં ટકી રહે છે.

રાત્રિભોજનત્યાગ વ્રત વિષે જૈન ધર્મે ઠીક ઠીક વિચાર્યું છે, અને એ હેતુપૂર્વક છે. આજના ગુમાસ્તાકાયદાનું મૂળ રાત્રિમાં પણ બહુ પડતા વ્યવસાયોને ફાળે બહુ અંશે છે. પક્ષીઓનું અરાત્રિ ભોજન એ નિરોગીપણાનો અપૂર્વ પુરાવો છે. રાત્રિભોજનનો ત્યાગ અમર્યાદ વ્યવસાયો ઉપર અને ખોટા ઉજાગરાઓ ઉપર સ્વાભાવિક નિયમન લાવે છે. અને તેથી માનસિક શાંતિ આપીને બ્રહ્મચર્ય સાધનામાં મદદ કરે છે.

## (ગ) પોશાક-શયન-સ્પર્શ-ગંધ

પોશાકવિષયક બાબત પણ બ્રહ્મચર્યપ્રેમીએ વિચારવી જોઇએ. કૃત્રિમ વાળસજાવટ અને કોમળ સ્પર્શવાળાં કપડાં તથા વિલાસી ટાપટીપો બ્રહ્મચર્ય સાધનામાં મહાન ડખલ ઉપજાવે છે.

કોમળ શય્યાનો પણ ત્યાગ કરવો જોઇએ, બ્રહ્મચર્યપ્રેમી માતા-પિતાએ ચારેક વર્ષની ઉમ્મર બાદ છોકરા-છોકરીને એક શય્યામાં સુવાડવાં ન જોઇએ. શકય હોય તો ઓરડાની અલગ વ્યવસ્થા કરવી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જોઇએ. પુરુષે પુરુષ સાથે કે સ્ત્રીએ સ્ત્રી સાથે પણ વિકારમય સ્પર્શો કડક રીતે છોડવા જોઇએ. બાળકને બચીઓ ભરવી, અંગ સ્પર્શ કરવો એ કયારે વિકારી બને તે કહી શકાતું નથી. એકમેકના કપડાં અને પથારી વાપરવાથી પણ વિકારીઆંદોલનોનો સ્પર્શ થાય છે, તે વિજ્ઞાન સિદ્ધ છે. એક આસન પર અથવા સ્ત્રી બેઠી હોય તે આસન પર પુરુષે કે પુરુષ બેઠેલ હોય તે આસન પર સ્ત્રીએ બેઘડી લગી ન બેસવું સારું.

અત્તરફુલેલ અને લિપસ્ટીક તથા પાઉડર વગેરે કૃત્રિમ રૂપમોહથી દૂર રહેવું ઘટે. ખાદીનાં ઓછાં વસ્ત્રો, સજાવટ રહિત મસ્તક, ખરબચડી શય્યા જરૂરી છે. ખુલતો પોશાક રાખવો સ્ત્રી પુરુષ બન્નેને જરૂરી છે. સ્ત્રીઓ માટે પંજાબની સ્ત્રીઓનો જેટલો ખુલતો પોશાક તેટલો આદર્શ ગણી શકાય. અંગને અતિ દબાવનારો નહિ, તેમ અતિ આછકડો પણ નહિ તેવો પોશાક ઠીક ગણાય.

## (ઘ) દ્રશ્યો–વચનો

નાટક, સીનેમા ઉપર અંકુશ રાખવો જરૂરી છે. પોતે જેમ બીજાને મોહના નિમિત્ત ન બનવા માટે કૃત્રિમરૂપથી દૂર રહેવું તેમ પોતે પણ બીજા પ્રત્યે ન મોહાવાની સાવધાની રાખવી. કામાસકત પશુ પંખીને જોવાં નહિ. એવા સ્થાનમાં વસવું નહિ. નીચે મુખે ચાલવું. વિકારી દૃષ્ટિએ કદી ન જોવું, જોવાઇ જાય તો સ્ત્રીએ પુરૂષ પ્રત્યે પિતા પુત્રી ભાવે અને પુરુષે સ્ત્રી પ્રત્યે માતૃભાવે નમી પડવું; કે જેથી વિકાર તુરત શમી જાય. વિકારી નવલકથાઓ કે તેવા વાર્તાલાપ સાંભળવા નહિ, લગ્નના હલકા મેળાવડામાં ભાગ લેવો નહિ. હાંસી મજાકની કુટેવ તજવી. સ્ત્રીઓનાં હાસ્ય, કુતૂહલો કે અંગોપાંગ; વિકારીભાવે નિહાળવાં નહિ.

## (ચ) એકાંત–સેવા

બે કે ત્રણ સજાતીય કે વિજાતીય વ્યકિતઓએ પણ એકાંત ખાસ પસંદ ન કરવું. એકાંતે રહનેમિ જેવા યોગી ચળી ગયાનો દાખલો આપણે જોઇ ગયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કાલિદાસની પુત્રીએ એકાંત કેવી બૂરી ચીજ છે, તેનો પરચો પિતાને કરાવ્યો હતો. આ પરથી પિતા પુત્રી કે ભાઇ-બેને પણ એકાંત ન સેવવું-અનિવાર્ય કારણે પણ એકાંત ટાળવું.

બહુ જનસમૂહમાં પણ બ્રહ્મચારી જો વધુ પરિચય રાખે તો હાનિ ઉપજે છે. તેથી 'અરતિઃ જનસંસદિ' એવું ગીતાવચન છે. જૈનસૂત્રોમાં પણ 'એકાંત સુખી મુનિ વીતરાગી' કહ્યું છે. પરંતુ એકાંત પણ વિકારીવિકલ્પવાળી દશામાં હાનિકર્તા છે જ.

સ્ત્રીની સેવા પુરુષે ન લેવી. પુરુષની સેવા સ્ત્રીએ ન લેવી. અને લેવી જ પડે તો ઘણાની હાજરીમાં તેમ થાય ત્યાં લગી હરકત કદાચ નથી. રોગિષ્ઠ દશામાં પણ પગચંપી કરતાં સ્ત્રીપુરુષો કે પુરુષ પુરુષ અતિ કામાસક્ત થતાં અનુભવ્યાં છે.

## (છ) વ્યાયામ–પ્રાણાયામ

કેટલાંક આસનો જેવાં કે શીર્ષાસન, બદ્ધપદ્માસન વગેરે બ્રહ્મચર્ય-પ્રેમીને સીધે સીધી મદદ કરે છે. અને પશ્ચિમોત્તાન આસન, કુકકુટાસન મયૂરાસન વગેરે આસનો પરંપરાએ તે વ્રતને મદદ કરે છે. ખાસ કરીને કરોડરજ્જૂ સીધી રાખવાની જરૂર છે.

પ્રાણાયામ પણ આ વિષયમાં ખૂબ ઉપયોગી છે. પરંતુ તે માટે અનુભવીની સલાહ લેવી. કુંડલિનીની અધોમુખતાને લીધે જ કામ-વિકાર પીડે છે, તે જો ઉઘડી જાય તો બેડો પાર થઇ જાય. હઠયોગ પ્રસિદ્ધ નવલી, નેતિધોતિ વગેરે ક્રિયાઓ પણ આ માર્ગે જઠરશુદ્ધિમાં મદદ કરે છે જ.

## (જ) પર્યટન—સૃષ્ટિદર્શન

સવાર સાંજ ખુલ્લી હવામાં ફરવું, અને અકૃત્રિમ કુદરતીદ્રશ્યો જોવાની ટેવ પણ બ્રહ્મચર્યપ્રેમીને ઉત્તમ સાથીની ગરજ સારે છે.

ચાંદનીમય મનોરંજક ગગનમાં નિહાળવાથી કે તેવા કુદરતી. દ્રશ્યો જોવાની રસવૃત્તિથી વિકારો ભાગી જાય છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વિકારી વિકલ્પો રાત્રે આવે તો તુરત પેડુ પર ભીનું કપડું રાખે. સામાન્ય રીતે બસ્તી આગળના ભાગના પવનને ઊંચો ખેંચે તો પણ વિકારો દૂર ભાગે છે.

### (ઝ) કળા–પ્રેમ

ચિત્ર, શિલ્પ, સાહિત્ય આદિ કોઇ પણ કળાનો પ્રેમ પણ અત્યુત્તમ છે.

ગણિત અને વિજ્ઞાનના રસપ્રેમીઓ પણ ધારે તો બ્રહ્મચર્યની સાધનાને માર્ગે સરળતાથી જઇ શકે છે.

### (ટ) ભાવના

આ માર્ગમાં સૌથી વધુમાં વધુ જો કોઇ બળ સહાય કરનાર હોય તો તે ભાવના છે. સ્ત્રી હંમેશા પુરુષોને પુત્ર કે પિતા રૂપે જ જુએ અને પુરુષ; પ્રત્યેક સ્ત્રીને જો માતા રૂપે જુએ તો બ્રહ્મચર્ય સાવ સુલભ બને છે. આ સંબંધે રામકૃષ્ણ પરમહંસ અજોડ ઉદાહરણ છે. ગાંધીજીએ પણ કસ્તૂરબાને 'બા' જ બનાવ્યાં હતાં. અને સ્ત્રીઓ સાથે તેઓ પુત્રી ભાવે વર્તતા.

'સવૈયા એકત્રીસા'

સર્વપ્રાણીઓ પ્રાણ સખા સમ, આવી ઉરમાં વાસ કરો,
અમીભરી આંખોનાં અમૃત, સિંચી સભર સુવાસ ભરો;
પિતા પ્રભુ સરવરની ગોદે, કમલ અંગ કલિકા સહુએ,
વિકસી કેવળ રવિરશ્મિથી, આલિંગી રસ બસ બનીએ. ૧
સર્વ જગતના સન્નારીગણ, અવિરત વત્સલ રસ વરસો,
માતૃભાવથી રોમ રોમમાં, વ્યાપી અમૃતમય વિલસો;
જ્યાં દેખું ત્યાં બાળભાવથી, મન મતિ પ્રાણ અને તન આ,
લોટે ચરણે ચુંબન કરવા, ઉર એકત્વરસે ઝરવા. ૨

'ઉપજાતિ'

નિસર્ગથી સૌ સરખાં સૃજેલાં, છે જ્ઞાનનાં રશ્મિ થકી ભરેલાં,
છે ભિન્નતા કેવળ વૃત્તિ કેરી, સર્વત્ર જ્યોતિ પ્રસરે અનેરી. ૧

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

છે વિશ્વની સૌ વનિતા જનેતા, રગે રગે વત્સલતા ભરેલી;
એ માતૃભાવો દૃગથી પીએ જે, ગૃહસ્થ તે સાધક બ્રહ્મચારી. ૨

'ઉપજાતિ'

ઓ પ્રેમ પ્યારા ! કરુણા ફુવારા, છાંટી ભલા ભીંજવ અંગ મારાં,
પા શુક્લતા શાંત સુધાની ધારા, વિકારનાં દર્દ મટાડ કાળાં. ૧
જા મોહ ! બાપુ મુજ માર્ગમાંથી, ને પ્રેમનું વ્હેન વહી જવા દે;
ડોળું થતું જો વળી થંભી જાતું, તો વિશ્વ-આત્મા કચરાઈ જાતો. ૨

## (૪) અનન્યનિષ્ઠા

આ બધું હશે છતાં બ્રહ્મચર્યની સાધના માટે પોતા પરત્વે જે સાધકની અનન્યનિષ્ઠા નહિ હોય અથવા જે સાધકને "બ્રહ્મચર્ય જરૂર પાળી શકાય તેવી જ વસ્તુ છે. અને ગમે તેવી મુશ્કેલીઓમાં પણ હું ટકી જ શકીશ." એવી શ્રદ્ધા નહિ હોય તો તે સાધક પાયા વિનાની સુંદર ઈમારતની જેમ પ્રસંગ પડતાં જ પડી જવાનો. આ વાતને પાઠક વારંવાર અવધારે !

★

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## બ્રહ્મપંથની મુશ્કેલીઓ

### ૮

આપણે વ્યક્તિગત રીતે ઠીકઠીક વિચારી ગયા, પરંતુ વ્યક્તિ એ ગમે તેવું તોપણ સામાજિક પ્રાણી છે. એટલે જે સમાજમાં એ બ્રહ્મચર્યનો સાધક કે સાધિકા વસે છે, એ સમાજમાં બ્રહ્મચર્યની ખેવના નહિ હોય કે રાજકીય સંસ્થાનું પીઠબળ નહિ હોય તો એને પારાવાર મુશ્કેલીઓ ડગલે ને પગલે નડવાની છે. આજના સમાજની તથા રાજકીય સંસ્થાની શિથિલતાનો ઉલ્લેખ "કામજન્ય અધઃપાત" એ પ્રકરણમાં થઇ ચૂક્યો છે. એટલે સમાજે અને રાજ્યે આ બાબતમાં ખૂબ જ ધ્યાન આપવાનું રહે છે. આજે એવી કાયરતા ઘણે સ્થળે દેખાય છે કે કોઇ ગુંડાઓ કોઇ બાઇની છેડતી કરે તો પણ તેમાં 'ચૂં કે ચાં' કશું જ કરતાં નથી. આવા કાયર સમૂહમાંથી અહિંસક બાઇ કે તેના સંબંધીઓ વીરાંગનાઓ કે વીરો નીકળવાની ભાગ્યે જ આશા રહે; તે દેખીતું છે. અલબત્ત આવા કાયરો જ્યારે સમૂહબદ્ધ બને છે, ત્યારે સામનો કરે છે ખરા. આવો સામનો એ કાયરતાનું સંગઠિત સ્વરૂપ જ છે. વીર તો પછી તે સ્ત્રી હો કે પુરૂષ હો ! તે જ છે કે જે માનવતા ખાતર આખા સમૂહ સાથે પણ ઝઝૂમે છે.

### વીરતા

વીર શિવાજી આ જાતના વીર હતા. એમણે કલ્યાણમાંથી લવાયેલી મુસ્લીમ ઓરતને પણ માનભેર માતા તરીકે સન્માની હતી. એ કિસ્સો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સાબીત કરે છે કે તેમની ઝુંબેશ મુસ્લીમ બંધુઓ કે મુસ્લીમ સંસ્કૃતિ પ્રત્યે નહિ, પણ તેને નામે પેઠેલાં અનિષ્ટ તત્ત્વો સામે હતી.

## વીર અને વીરાંગના

પુરુષોમાં શિવાજી તેમ સ્ત્રીઓમાં સીતાજી સિવાય પણ એવી સ્ત્રી ઘણી છે જેમણે શિર સાટે પોતાનું શિયળ સાચવ્યું છે.

સિંધના સુમરા પાસેથી આહીર કન્યા જાહાલ બચી ગઈ હતી, એ ઇતિહાસ સિદ્ધ વાત છે.

## પ્રતિજ્ઞા માટે પ્રાણાર્પણ

પણ આ વીરાંગનાઓમાં પોતાના શિયળ માટે પ્રાણાર્પણની તમન્ના હતી અને હોવી જ જોઇએ, જો ખરે જ શિયળ પરત્વે અનન્ય શ્રદ્ધા હોય તો આવું જોમ કુદરતી જ પ્રગટે છે.

## અહિંસા કે હિંસા

પણ અહીં પ્રશ્ન થાય છે કે પુરુષ દેહની રચના જ એવી છે કે તે સ્ત્રીના બળાત્કારથી સ્વયં બચી જાય છે. પણ સ્ત્રી પરત્વે પુરુષની આથી ઊલટી જ દશા છે. ત્યારે શું કરવું ? અને તે પણ હિંસક રીતે તો સ્ત્રી; પુરુષ સામે ટકી રહે છે એ સર્વત્ર પ્રચલિત વાત છે. ગામડામાં અને શહેરમાં એવા કિસ્સા ઘણા બને છે. આટલું તો અહીં કહેવું જ જોઇએ કે કાયર કરતાં સામનો કરનાર સ્ત્રીનો દરજ્જો સામનાની દૃષ્ટિએ ઊંચો છે જ. પરંતુ અહિંસક રીતે સામનો કરનારનો દરજ્જો બધી રીતે સર્વોત્તમ અને આદર્શરૂપ છે. સવાલ એ છે કે અહિંસક સામનો શી રીતે કરવો ?

## અહિંસક પ્રતિકાર

અહિંસક પ્રતિકાર કરનારે જો જીવનમાં નીતિ, સત્ય, શિયળવ્રત, અપરિગ્રહ, નમ્રતા વગેરે કશું જ વ્યવસ્થિત નહિ મેળવ્યું હોય તો તેનો અહિંસક પ્રતિકાર લાંબો વખત ટકી શકવાનો નથી. અને ટૂંક સમયમાં મળેલા વિજયનો પ્રત્યાઘાત પડયા સિવાય રહેવાનો નથી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પરંતુ જેણે ઉપલી સંપત્તિ મેળવી રાખી છે, તેને આ પ્રતિકાર સહેજે ઉપલબ્ધ થઈ જશે. રાજુલનો પ્રસંગ આપણે જોઈ ગયા છીએ. પ્રથમ પ્રથમ તો તે મુંઝાઇ ગઇ હતી અને મર્કટબદ્ધ આસને બેસી ગઈ હતી, પણ તુરત જ બ્રહ્મચર્યનિષ્ઠાને લીધે તેનામાં કુદરતી બળ આવ્યું અને તે ઊલટી પ્રેરક ગુરૂ બની રહી.

શુભા નામની બૌદ્ધ સાધ્વીનો પ્રસંગ અહીં ખાસ નોંધવા જેવો છે. તે એક અરણ્યમાંથી ચાલી જતી હતી. વેશ સાદો હતો. સાધ્વી જીવન હતું. છતાં શરીર–સૌષ્ઠવ જોઇ એક કામી પુરૂષ ઉત્તેજાયો. એ પાછળ પાછળ ચાલ્યો. સાધ્વી ઊભી રહી ગઈ. તે પણ સામે તાકીને જોવા લાગ્યો.

આ વખતે શુભાની વીરતા ઉછળી પડી. તેણે કહ્યું:—"ભાઇ! તું શું જુએ છે?" કામીની વિવેકબુદ્ધિ નષ્ટ થાય છે. તે છતી આંખે આંધળો થાય છે તે રીતે જ આ બોલ્યોઃ "તારી કાતીલ આંખ બહુ મોહક છે!" આ વચન નીકળતાં જ લેશ પણ આવેશ કે હતાશપણા વિના તેણે પોતાનો ડોળો તુરત જ નખ વતી ફોડી નાખ્યો. આ બલિદાને કામીના આત્માને હચમચાવી મૂકયો. તે કામી મટી સંત બન્યો. કેટલી અહિંસાની અદ્દ્ભુત શકિત! એવાં અસંખ્ય ઉદાહરણો મળી શકે પણ તેટલી યોગ્યતા જોઈએ.

**સૂચન**

સામાન્ય રીતે બહેનોને ખાસ સૂચન એ કે તે ટાપટીપ ન કરે. વારંવાર એકાકી ફરવાનું સાહસ ન કરે. પુરુષો સાથેના અંગત અતિ સહવાસથી દૂર રહે. વારંવાર હસાહસ ન કરે. પોશાક વગેરેમાં સંભાળે. ચડ્ડી પહેરવાનું રાખે. સાચી હિમ્મતનો અભ્યાસ રાખે.

★

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# વહેમો

## ૯

વહેમનું પ્રકરણ ખાસ લેવું પડયું છે.

જ્યારે પુરુષ અને સ્ત્રી વચ્ચે ચારિત્રવિષયક વહેમ વ્યાપે છે ત્યારે એ બન્નેનું અને આગલા પાત્રનું જીવન ચુંથાઇ જાય છે.

આ સંબંધમાં જૈન ગ્રંથોમાં સતી ચંદનબાળાનું ઉદાહરણ જાણીતું છે.

જે શેઠ પાસે ચંદનબાળા હતી, તે તો એને પુત્રી જ ગણતા. આજે ચંદનબાળાને મન ખરાં માતાપિતા જ મૂળા શેઠાણી અને શેઠ હતાં. પણ એકદા શેઠ ધૂળવાળા પગે આવ્યા અને ચંદના પાણીનો લોટો લઇ પિતા સામે દોડી—શેઠાણી આ વખતે સામા મકાનના માળ પર હતાં. ચંદના નીચે નમી પાલક પિતાના પગ પોતે ધોવા લાગી; નીચે નમતાં જ ચંદનાના કાળા ભમ્મર જેવાં વાળનો ચોટલો છૂટી ગયો. સેવાની ધૂનવાળી એ સેવિકાને ચોટલાની કયાં પડી હતી? એટલે શેઠે તે વાળ કાદવમાં ન ખરડાય તેવી રીતે હાથ વતી ઊંચા કર્યા.

બસ આ જ સમયે શેઠાણીની નજર ઉપરના મકાનની બારીમાંથી પડી. જો તે ખુલાસો કરવા ઇચ્છે, તો શંકા મટી જાય, પરંતુ આવા કિસ્સામાં આવી વૃત્તિઓ બહુ ભાગ ભજવે જ છે.

મૂળાએ તો ત્યાં લગી કલ્પી લીધું કે, "જો આ સાલ હવે રહેશે તો મારી શોક થઇ જવાની. મારા તો ભોગ જ મળ્યા." "અરે કેવો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અધમ વિકલ્પ!" બસ એના હૈયામાં ઇર્ષ્યાની આગ ભભૂકી ઊઠી, અને લાગ જોઇ તેણે ચંદનાનો ચોટલો કાપી નાખ્યો. ભૂખી તરસી એક ઓરડામાં બેડી નાખીને પૂરી દીધી.

છેવટે તો સત્ય તરે જ અને અહીં પણ તર્યું. આ નિમિત્તે તો ચંદના આદર્શ ચંદનબાળા મહા સાધ્વી બની. મહાવીર જેવા ગુરૂનો યોગ પામી.

આવા કિસ્સાઓ ઠેરઠેર બનતા હોય છે, તેમાં પણ જ્યારે બ્રહ્મચર્યવ્રત પાળતાં યુગલો વચ્ચે આવા વહેમનું સામ્રાજ્ય વ્યાપે છે—ત્યારે તો સાધનાનો અને કૈંકની જિંદગીઓનો વિનાશ જ ધસી આવે છે.

## શું કરવું ઘટે?

આવા પ્રસંગે શું કરવું? એ પ્રશ્ન થાય જ—સરસ ઉપાય તો એ છે કે સ્ત્રીની હીલચાલ પરથી પુરુષ જ્યારે એમ સમજે કે તે પોતા પરત્વે શંકાશીલ છે–કે તુરત પોતાનું અહંત્વ ઓગાળીને પ્રેમપૂર્વક સમાધાન કરવું—પોતાનો લેશ પણ દોષ કદી પણ છુપાવવો નહિ—મુખે કહેવાની હિંમત ન ચાલે તો લેખિત કહેવું, બન્ને જ્યારે પ્રસન્ન હોય ત્યારે જ આવાં સમાધાનો શક્ય બને છે. નહિ તો જોખમ છે. ખાસ કરીને આવે સ્થળે બન્નેના પૂજ્યપાત્ર આગળ જો આ વાતનું સમાધાન મેળવાય તો સર્વોત્તમ છે. પરંતુ પૂજ્યપાત્ર મોટા મનનું અને પુષ્ટ ચારિત્ર્યવાન હોવું જોઇએ—નહિ તો તેમાં તે પાત્રને પણ જોખમ છે—અથવા તો 'ઝાઝી સૂયાણીએ વેતર વંઠે' જેવું થાય છે.

આ વિષય નાનો લાગે છે પણ સાધનાની દૃષ્ટિએ બહુ જ મોટો છે. માટે બહુ સાવધાની રાખવી.

★

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## સંતતિરોધ

### ૧૦

બ્રહ્મચર્યની દૃષ્ટિએ સંતતિરોધનું પ્રકરણ આજે લેવા જેવું છે. સંતતિ ખાતર જ જ્યારે સંભોગક્રિયા સંભવે છે, ત્યારે સંતતિની સીમા કુદરતી રીતે જ આવી જાય છે અને આવી સીમા હોય ત્યારે લગ્ન-સંસ્થા, બાળજીવન અને સામાજિક સદ્‌ગુણો વગેરે સુંદર રીતે બની રહે છે. આજે તો સંતતિ ખાતર સંભોગ નહિ પણ વિકાર-પોષણ ખાતર સંભોગ ક્રિયા પ્રાયઃ થઈ પડી હોય છે, આવી વિકાર-પોષક ક્રિયા દ્વારા જે સંતતિ થાય છે, તે ધર્મ્ય સંતતિ ન જ રહે. અને કામ્યસંતતિ સમાજ, રાષ્ટ્ર કે વિશ્વને ઉપકારક ન નીવડે. માબાપ કે કુટુંબની પણ સેવાસુશ્રૂષા ન કરી શકે. એટલું જ નહિ બલકે પોતાનું ભરણપોષણ પણ ભાગ્યે જ કરી શકે તે દેખીતું જ છે. આજે ચોમેર ભૂખમરો વ્યાપવામાં એક આ પણ કારણ છે.

આ ભૂખમરાને દૂર કરવાનો એક માત્ર અજોડ ઉપાય પ્રજામાં બ્રહ્મચર્યની શ્રદ્ધા નક્કર બનાવવાનો છે. જ્યારે વિકૃત વિકારને દબાવવાને બદલે કૃત્રિમ સાધનો દ્વારા સંતતિનો નિગ્રહ કરવાનો ઉપાય બતાવવામાં આવે છે, અને હાલમાં તો રાષ્ટ્રપ્રેમી જાહેરપત્રોમાં પણ એને લગતી જાહેરાતો છડેચોક મૂકવામાં આવે છે, ત્યારે કેટલો અધઃપાત થાય છે, તે કોનાથી અજાણ છે?

વિદ્યામંદિર જેવાં પવિત્ર સ્થળોમાં ભણતાં કોલેજનાં યુવક યુવતીઓ આવે ઊંધે રસ્તે દોરાઇને પોતાની ઉગતી અદ્‌ભુત શક્તિનો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ક્ષય અને સંસ્કૃતિનો જે વિનાશ નોતરી રહ્યાં હોય છે, એ નુકસાન કેટલું ભયંકર છે ? કદાચ ભૂખમરાથી બહુ તો દેહ પડે, પણ ભૂખમરો ટાળવા માટે આત્મપાત વહોરવો તે તો મહાન હાનિ છે, અને આ માર્ગે ચડેલા લોકો તો વિકારની ભડભડતી આગમાં ભોગી રૂપી ઘી હોમવાનો આ ઉપાય બતાવીને પરિણામે તો એમને કાયર, આળસુ, વિલાસી બનાવીને ભૂખમરો ટાળવાને બદલે વધારવાનું જ પ્રાયઃ કામ કરે તો નવાઈ નથી.

કલ્પના કરો કે કોઈપણ લગ્નબંધનમાં ન પડે અને મુક્ત-સહચાર કામભોગાર્થે સ્ત્રી–પુરુષ સેવતાં થાય, તો માણસ; માણસ રહી શકશે ખરો ? રખડતાં કૂતરાં કરતાં તેની દશા બૂરી જ થવાની. કુટુંબ-જીવન જે જવાબદારી માણસ પર નાખે છે, બાળકોનું વહાલ કુદરતી રીતે જ સંયમમાં જે મદદ કરે છે, દૂર બેસવાના દિવસો દરમ્યાન પતિપત્નીના વિકારી સ્પર્શનો આંતરો નૈસર્ગિક રીતે જ સંયમમાં જે લાભકર્તા નીવડે છે, ગર્ભધારણ અને બચ્ચું ધાવે તે દરમ્યાન પળાતું બ્રહ્મચર્ય કલ્યાણપ્રદ બને છે, સંયુક્ત કુટુંબથી સ્વચ્છંદી વિહાર પર જે અંકુશ રહે છે, તે બધું જોતાં સંતતિ વધવાથી ભૂખમરાનું દુઃખ છેક જ ગૌણ બની જાય છે.

છતાં એટલું તો ખરું જ છે કે આજે સંતતિરોધની જરૂર જ છે. કામવિકારના અતિપોષણને લીધે આજે કુદરતે જ ભૂખમરાનો પ્રલયકાંડ રચ્યો છે. એટલે એ કુદરતી આશય સમજી બ્રહ્મચર્ય તરફ દૃષ્ટિ રાખી વિવાહિત સ્ત્રી પુરુષોએ સંતતિ રોકવાની જરૂર છે. જે આજીવન કૌમાર્ય પાળે તેવાં કુમાર કુમારિકાઓ વિવાહિતોને બ્રહ્મચર્ય દૃષ્ટિએ સંતતિરોધમાં પ્રેરક નીવડશે અને સમાજ, રાષ્ટ્ર તથા ધર્મના દીર્ઘદર્શી ચારિત્રશીલ નેતાઓ "જ્યાં જુઓ ત્યાં બ્રહ્મચારીની જ સૃષ્ટિ વસે છે. બ્રહ્મચર્ય સ્વાભાવિક છે. વિકાર પોષણમાં આનંદ આપનારું એકે તત્ત્વ નથી. જે આનંદ મળે છે, તે માત્ર અંતરના સંયમનો જ હોય

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

છે. ભ્રમથી જ જેમ કૂતરું હાડકાંને રસપ્રદ માને છે, બાળક પોતાના જ અંગુઠાને સ્તન માની રસપ્રદ ગણે છે, તે જ ગતિ વિકારપોષણની છે."

આ વાતને શુદ્ધ વિજ્ઞાનથી સમજાવે. વાત એમ જ છે કે સંભોગક્રિયાકાળે જે સુખ લાગે છે એ ખરી રીતે વિકારની તત્કાળની તૃપ્તિનું નથી, પણ તે ક્રિયા કરતાં પહેલાં જે વીર્યસંગ્રહ હતો તેનું છે. પૂર્વે સેવેલી તન્મયતાનું છે. સંભોગક્રિયા પછી જે ઉત્સાહાભાવ અને દુઃખ મળે છે, તે જ સંભોગક્રિયાનું પરિણામ છે.

આમ જો સર્વત્ર આવા જ સાહિત્યનો અને દૃષ્ટિનો પ્રચાર થશે તો બ્રહ્મચર્ય દ્વારા સંતતિરોધ સાવ સહેલો છે. પ્રજા તો મોટે ભાગે એવી છે કે જે વસ્તુની પ્રતિષ્ઠા સમાજમાં વધે છે, તે તરફ જ પ્રેરાય છે, આજે જેમ ધનપ્રતિષ્ઠા હોવાથી ધન તરફ પ્રેરાય છે, તે બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા થયા પછી બ્રહ્મચર્ય તરફ પણ પ્રેરાશે જ.

બાકી કૃત્રિમ સંતતિરોધના સબંધમાં તો ફ્રેંચના મહાન લેખક મૌં. બ્યુરોએ અનેક રીતે આંકડાઓ આપીને એ સિદ્ધ કર્યું છે કે કૃત્રિમ સાધનોના વપરાશથી સ્ત્રીની જનનેંદ્રિયમાં રોગો થાય છે. ગર્ભાધાન અટકવાથી વિષયેચ્છા પ્રબળ થાય છે. કેન્સર જેવાં દર્દો થાય છે, જીવન શુષ્ક થાય છે. સ્ત્રી પુરુષના અતિસંભોગથી પરસ્પર તિરસ્કાર જન્મે છે. એટલે આવાં સાધનોનો વિરોધ પુરુષ ન કરે તો પણ સ્ત્રીએ તો કરવો જ જોઇએ. તે પુરુષના વિકાર પોષણની પૂતળી નથી પણ ભવ્ય માતા છે. જુઓ "નીતિ નાશને માર્ગે."

☆

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## બ્રહ્મચર્ય અને માનવસમાજ

### ૧૧

પ્રાણીમાત્રમાં માણસ ઊંચો છે. કારણ બીજાં પ્રાણીઓ મોટેભાગે નિસર્ગાધીન છે. જ્યારે માણસ ધારે તો નિસર્ગને સુદ્ધાં આધીન બનાવી શકે છે. રાવણને ત્યાં વાયુ વાસીદું વાળતો હતો. મેઘ તેનું છત્ર ધરતો હતો. આ રૂપકોમાં એટલું તો તથ્ય છે જ કે માણસ પંચમહાભૂતો પાસેથી ધાર્યું કાર્ય લઇ શકે છે. આજ કાલ છાપાંઓમાં આપણે વાંચીએ છીએ, તે ઉપરથી એની ખાતરી થાય છે. ભવિષ્યમાં મર્યા વિના માનવ-સમાજ ચંદ્રલોકમાં જાય તો નવાઈ નથી. કુદરતમાં પડેલી અપરંપાર સિદ્ધિઓને માનવજાત વશ કરશે, પણ પોતાના મનને વશ નહીં કરે તો ? પોતાને હાથે જ પોતે મરશે. રાવણે પોતાને હાથે પોતાનો નાશ નોતર્યાની રામાયણ સાખ પૂરે છે.

**आहार निद्रा भय मैथुनानि**
**सामान्यमेतत्पशुभिनराणाम् ।**
**धर्मो ह्तिेषामधिको विशेषो**
**धर्मेण हीनाः पशुभिः समानाः ॥**

**અર્થ :–** ખાવું પીવું, ઊંઘવું, બ્હીવું અને સંસાર ભોગવવો એ તો જેમ પશુઓમાં છે, તેમ માનવોમાં પણ છે. માનવજાતની વિશેષતા ધર્મમાં છે. ધર્મ એટલે સિદ્ધાંતને લક્ષ્યમાં રાખી વ્યવહાર ચલાવવો તે. આ ન હોય તે માનવો પશુસમાન છે. ઘેટાં બકરાં પરંપરાગત વ્યવહારથી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ચાલે છે. માનો કે કોઇએ એમના ચાલુ રસ્તામાં ખાડો કર્યો, તો ઘેટું ચાલીને ખાડામાં પડશે; પણ રસ્તો નહીં છોડે. માનવસમાજ પણ પરિસ્થિતિ બદલવા છતાં પોતે બદલાશે નહીં, તો ખાડામાં પડવાનો. આમ યુગે યુગે માનવસમાજ આપમેળે બદલાશે નહીં, તો એકનો એક વ્યવહાર અમુક કાળે રૂઢ થતાં ખાડારૂપ બનશે અને તેમાં માનવ સમાજ પટકાયા વિના નહીં રહે. આજે માનવ સમાજ પટકાઇ ગયો છે. દુર્ભાગ્ય એ છે કે માણસે રાષ્ટ્રની દિવાલો તોડી છે. એક રાષ્ટ્રની કન્યા બીજા રાષ્ટ્રના વરને પરણે છે. એક રાષ્ટ્રનો પુરુષ બીજા રાષ્ટ્રની મહિલાને પરણે છે. આમ વિકૃતિની રીતે જોતાં જાણે નાત જાતના ભેદના એણે ચૂરા કરી નાખેલા જણાય છે. રંગભેદનું નામનિશાન ભૂંસી નાખેલું દેખાય છે; પણ જ્યાં માનવીય સંસ્કૃતિનો પ્રશ્ન આવે ત્યાં જાણે માનવજાત રુઢિ પરંપરાથી રંચ માત્ર આગળ ગઇ નથી, તેમ જણાઇ રહે છે; ઊલટ પાછી પડી છે.

બ્રહ્મચર્ય એ માનવીય સંસ્કૃતિનો મૂળભૂત પ્રશ્ન છે. ભારતના માનવ સમાજે માત્ર પ્રજા માટે બ્રહ્મચર્ય ભંગ ક્ષમ્ય માન્યો હતો. એ ભારતને આજે જો પ્રજા નથી જોઈતી તો બ્રહ્મચર્યભંગ ગુનો શા માટે ન મનાવો જોઇએ ? સતી રાજુલે યોગી રહનેમિને આ દૃષ્ટિએ જ કહેલું કે જો બ્રહ્મચર્ય ન નિભાવી શકો તો આપઘાત કરી નાખો ! આપઘાત ક્ષમ્ય છે; પણ પ્રતિજ્ઞા લઇને બ્રહ્મચર્ય ભાંગવું ક્ષમ્ય નથી. આપણે ત્યાં પાવૈયાની સંસ્થા ઊભી થઇ હતી, તે એક કાળે બ્રહ્મચર્યભંગ ઉપર સમાજ દૃષ્ટાઓનો કેટલો આકરો પ્રહાર હતો ? તેનો નાદર નમૂનો છે. ગીતામાં કહ્યું છે કે:– '**धर्माविरुद्धः कामोऽस्मि**' એટલે કે ધર્મ-વિરોધી કામ વિકારમાં ભગવાન છે, ધર્મ વિરોધી વિકારમાં ભગવાન નથી જ. જે માનવ સમાજમાં ભગવાન તત્ત્વ નથી તે માનવ સમાજમાં શાંતિ આકાશ કુસુમવત સમજવી.

માનવ સમાજમાં જો ભગવાન તત્ત્વ લાવવું હોય તો મહાત્મા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ટોલસ્ટોયે કહ્યું છે તેમ બ્રહ્મચર્યને સ્વાભાવિક અને અબ્રહ્મચર્યને અસ્વાભાવિક લેખ્યા વિના છૂટકો નથી.

ગૃહસ્થાશ્રમતણો અંત્ય, આદર્શ બ્રહ્મચર્ય છે;
તેને જ સાધવા સારુ, મર્યાદા દંપતી તણી.

ગૃહસ્થાશ્રમનો છેલ્લો આદર્શ બ્રહ્મચર્ય છે, પણ આખી જિંદગી કદાચ બ્રહ્મચર્ય ન પાળી શકાય. વાસનાઓના હુમ્લાઓ સામે કદાચ બધી વેળા ટક્કર ન ઝીલી શકાય. એથી તો એક પત્નીવ્રત અને એક પતિવ્રતવાળો ગૃહસ્થાશ્રમ નિર્માયો. વાનપ્રસ્થાશ્રમી કે બ્રહ્મચર્ય પ્રેમી ગુરુની હાજરીમાં સમાજે તેના ઉપર મહોર છાપ મારી હતી. ભારતમાં આ બધું સ્વાભાવિક હતું. ભારતે વિજ્ઞાનની શોધો ખૂબ કરી હતી, પરંતુ એ વિજ્ઞાનને ધર્મ તથા તત્ત્વજ્ઞાનના અંકુશ તળે રાખ્યું હતું, તેથી જ ભારતની સંસ્કૃતિ જીવી શકી. આજે જ્યારે દુનિયા એક થઇ રહી છે, વિજ્ઞાન આડે રસ્તે ફંટાઇ ગયું છે ત્યારે ફરી એકવાર ભારતીય સંસ્કૃતિને વિશ્વ વિજયી બનાવવી હોય તો વિશ્વની માનવજાતને એક વ્યાસપીઠ ઉપર ખેંચી લાવવી પડશે. આને સારુ પણ જો બ્રહ્મચર્યની સાધના ભારતના માનવસમાજમાં વિકસશે નહીં, તો વિશ્વશાંતિ અશકય બની જશે. અને આ કામ સરકારોનું નથી, માનવ સમાજોનું છે. કારણ કે માનવ સમાજમાં એ મહા તાકાત છે કે જે પ્રેમધર્મથી બ્રહ્મચર્યને વિશ્વ પ્રતિષ્ઠા અપાવી શકશે.

☆

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# બ્રહ્મચર્ય અને નારીસમાજ

## ૧૨

માનવ સમાજમાં પણ નારીસમાજ બ્રહ્મચર્ય સાધનામાં મોખરે રહી શકશે. નારીમાં સંતાનેચ્છા પ્રબળ હોય છે, તે કબૂલ. પણ જો નારીની એ વૃત્તિને 'દેશનાં સંતાનો બધાં મારાં પોતાનાં સંતાનો છે.' એ રીતે વાળી દેવામાં આવે તો નારી માટે બ્રહ્મચર્ય સત્ત્વ સુલભ છે. નારી જો વિકારપ્રધાન હોત તો 'એક પતિવ્રત' તે કદી પાળી શકત નહીં. નારીનું હૃદય લાગણીપ્રધાન છે, તેથી તે નર સહકાર વિના રહી શકતી નથી. પછી એ નર બાળકરૂપે હોય, તોયે એની ચિંતા નહીં. જ્યાં બાળક મળ્યું, ત્યાં સ્ત્રીનું પોતાના પતિ પરનું તીવ્રઆકર્ષણ મંદ પડે છે, તે એનું પ્રમાણ છે. આ રીતે જોતાં ધર્મરખેવાળીમાં તે સૌથી આગળ છે. '**धर्मपत्नी**' વિશેષણ માત્ર નારીને મળ્યું છે, નરને '**धर्मपति**' શબ્દ જોડાતો નથી. એ જ રીતે એકપતિવ્રત ધારી નારીને સતી કહેવાય છે. નર માટે તો પ્રાયઃ તે બ્રહ્મચારી કે સાધુ હોય તો જ **'સતો'** (સંત) કહેવાય છે. એટલે કે ગૃહસ્થાશ્રમમાં ન પડે, તો જ તે 'સંત' બની શકે છે. આ દૃષ્ટિએ સમાજશાસ્ત્રી મનુમહારાજે કહ્યું છે :– '**यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः**' જ્યાં નારીઓ પુજાય છે, ત્યાં દેવો ગેલ કરે છે. સીતાએ રામ આગળ સત્તા સંપત્તિ ધારી રાવણને તરણાતુલ્ય માન્યો. પણ જ્યાં 'લવકુશ' મળ્યા ત્યાં 'રામ સાંનિધ્ય'ની પણ પરવા તજી દીધી. છેવટે અશ્વમેધના અશ્વનિમિત્તે વાલ્મીકિઋષિ સમક્ષ અરણ્યમાં રામનું છેલ્લું મિલન થયું. પોતે રામ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તથા પોતાના પુત્રોનું સમાજ દ્રષ્ટા સમક્ષ મિલન કરાવી દીધું અને તરત પૃથ્વીમાં સમાઇ ગયાં. આથી 'રામસીતા'ને બદલે 'સીતારામ' કહેવાય છે. એક મહાન સમાજશાસ્ત્રીએ ત્યાં લગી કહ્યું છે:– '**अजा मुखत: मेध्या**' એટલે કે બકરી મુખે પુજાય છે. કારણ કે તે કાંકરા સિવાય અર્થાત્ વનસ્પતિ માત્રને પચાવી શકે છે. '**गावो मेध्याश्च पृष्ठत:**' ગાયો પૂંછે પુજાય છે. કારણ કે ગાય ઓખર ખાય તોય છાણને વિષ્ટા જેવું દુર્ગંધી બનવા દેતી નથી. '**ब्राह्मणा: पादतो मेध्या**' બ્રાહ્મણો પગે પુજાય છે. કારણ કે એ પરિવ્રાજકોના પગ હંમેશાં પરોપકારાર્થે જ દોડે છે. પણ '**मेध्या: सर्वांगत स्त्रिय:**' એટલે કે સ્ત્રીઓનાં બધાં અંગો પૂજ્ય છે. બધાં અંગે પુજાનારી સ્ત્રીજાતનો આવો છે મહિમા !

આજે નારી કોમલાંગી અને શ્રૃંગારપુતળી બની ગઇ છે. અથવા નારીને તેવી પોચી અને વિકારભાજન બનાવી દેવામાં આવી છે. સિનેમામાં જ શા માટે ? ચિત્રોમાં જુઓ ! છાપાંની જાહેરાતોમાં જુઓ ! સ્ત્રીને કેવી બતાવવામાં આવે છે ! આજે નારીજાત ખુદ પણ કેવી બની ગઈ છે ! એનો પોશાક જુઓ ! ટાપટીપ જુઓ ! વાળની સજાવટ જુઓ ! મોઢું, હોઠ, ગાલ અને એકેએક અંગપ્રત્યંગને તે એવી રીતે દેખાડે છે, કે જાણે તે રમકડું અથવા એઠી દષ્ટિનું પાત્ર ન હોય !

આ કરુણ દશામાંથી નારીજાતને છોડાવવી પડશે. નારીજાતે સ્વયં પણ છૂટવાની તાલાવેલી હૈયે ધરવી પડશે.

આખું જગત મહિલાજાત પ્રત્યે મીટ એ રીતે માંડી રહ્યું છે કે તે વનિતામાંથી જનેતારૂપ ધરે. લક્ષ્મી, સરસ્વતી અને એવાં રૂપોને બદલે જગદંબા બને. જગભરમાં હેત રેડનારી વાત્સલ્યગંગા બને.

એકદા 'જર, જમીન અને જોરૂ, એ ત્રણેય કજિયાના છોરૂ,' મનાતાં હતાં. આજે જોરૂ એવી બળવાન બનશે કે તે જર અને જમીન પરની જનાસક્તિને દૂર કરાવી વિશ્વ શાંતિને આસાન કરાવી દેશે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મહિલાના કરમાં કરામત છે. એના નેણલામાં અજબ જાદુ છે. એની વાચામાં સુધારસ છે. એના હૈયામાં વિશ્વપ્રેમામૃત છે. જરૂર છે માત્ર તક મેળવી આપવાની, મેળવવાની.

નારીજાત; શું આ બધું બ્રહ્મચર્યની ઉપાસના વિના હાંસલ કરી કરાવી શકશે? જ્યાં લગ્ન જેવી પવિત્ર વસ્તુને વિકૃત વિકારથી અભડાવી મૂકી છે, ત્યાં આજીવન કૌમાર્યવ્રત ધારણ કર્યા વિના આ બધાં ઝેર શ્યે ઉલેચાશે?

જૈન સાધ્વીઓ ઘણીવાર કુમારિકાને અકાળે દીક્ષા આપવા તૈયાર થાય છે, પણ આજની એ દીક્ષા એવી કુમારિકાના કૌમાર્યને ચાર દિવાલોમાં ગોંધીને કરમાવી મૂકે છે. ઉતાવળા સંન્યાસથી બાળાનાં ગૃહસ્થાશ્રમ અને સંન્યાસ બન્નેય બગડે છે.

આજે સાધ્વીઓની જરૂર છે ખરી પણ તે એવી સાધ્વીઓની કે જે નરશ્રમરોના ચોગાનમાં જઇને તેમની સાન ઠેકાણે લાવે! સમાજમાં અને ગૃહસંસારમાં જ્યાં ચોમેર દુષ્ટતા, શુષ્કતા, અંધકાર અને એકલપેટાપણું ફેલાયું છે, ત્યાં પવિત્રતા, સ્સાળતા, પ્રકાશ તથા સર્વવ્યાપીપણું લાવી મૂકે.

આવી મહાનારીઓ ગૃહસ્થાશ્રમમાં હોય કે સંન્યાસમાં; પણ બ્રહ્મચર્યની પ્રતિષ્ઠાથી આખા જગતને ભરી દે એ જ પ્રભુ પ્રાર્થના.

☆

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રભુદયા

## ૧૩

અત્યાર સુધીનાં પ્રકરણોમાં જે બ્રહ્મચર્યની સાધના વિષે જુદી જુદી રીતે કહ્યું તે બધામાં જો ઈશ્વરદયા નહિ હોય તો એ બધુંય એકડા વિનાના મીંડાં જેવું છે.

અને ઇશ્વરી દયા હશે તો પતનની પરાકાષ્ઠા લગી જઈને પણ તેવાં પુરુષ કે સ્ત્રી બચી જશે!

બિલ્વમંગળ ચિંતામણિ વેશ્યામાં કેટલો બધો આસક્ત હતો! કદાચ અગાઉના સ્થૂળભદ્ર કરતાં પણ એનો પારો આગળ હતો. એક દહાડો પણ તે એના વિના ન રહી શકે. મેઘલી રાતે ચઢેલા નદીપૂરે પણ એ પોતાની પ્રિયા પાસે જવાનું ન ટાળી શકયો. એની પ્રિયતમાને તો એ કલ્પના પણ નહોતી કે એનો બિલ્વમંગળ આવે ટાણે અહીં હોય! અને એ ખરે જ વર્ષાના પ્રગાઢ શાંત વાતાવરણમાં ગાઢ નિદ્રાવશ બની ગઈ હતી, તેવે વખતે એ પહોંચ્યો. અને કેવી રીતે? ઠાંઠડી પર બેસીને! એને મન તો એ પ્રિયતમાએ મોકલેલો જાણે તરાપો હતો! અને એ બારીએ ચઢીને કાળા મણિઝર સર્પને દોરડું માનીને ઓથે ઓથે ચઢી ગયો. અને પ્રિયતમાને જગાડી. ચિંતામણિના આશ્ચર્યનો પાર ન રહ્યો; અને સાથે સાથે એ પણ થયું કે આટલો શકિતશાળી પુરુષ મારા આ ગંદા દેહમાં કેટલો પામર છે! અહા! જો આ પુરુષ સાચે માર્ગે વળે તો મારું અને એમનું કેટલું સુધરે? આ વિચારે તે બોલી ઊઠી: 'મારા વા'લા પ્રિય સુર હવે દાસ તું ઈશનો થા.' ખરે જ એ જ વચને બિલ્વમંગળ બૂઝયો અને કામી બિલ્વમંગળમાંથી પરમ-પ્રભુભકત સુરદાસ બન્યો! આમાં નિમિત્ત તો વેશ્યા હતી એટલે સ્ત્રી જાતિની તો એ પરમ શોભા જ ગણાય. પણ સાથે સાથે પ્રભુદયાનું જ એ સુંદર પરિણામ હતું!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મહાન હિંદી કવિસમ્રાટ ગોસ્વામી તુલસીદાસજી જો કે સ્વસ્ત્રીરકત હતા. એક ઘડી પણ પત્નીને પોતાને પિયર ન જવા દે તે દશા કેવી ? આમ છતાં એક દહાડો પત્નીને અનિવાર્ય કારણે પિયર જવું પડયું અને એ આસકત પતિ પાછળ જ રાત્રે સુદ્ધાં જઈ પહોંચ્યો. આ સ્વસ્ત્રી વ્યભિચાર નહિ તો શું ? આવો મોહાંધપતિ પણ પત્નીનાં વચન—

" હાડમાંસ ઔર રુધિરમય દેહમેં જિતની પ્રીતિ .
ઉતની હરિસોં હોય તબ કટિજાય ભવભીતિ "

ને નિમિત્તે મહાન રામભકત થઇ ગયો.

ગાંધીજી પણ વેશ્યાગાર જેવે સ્થળે પણ બચી ગયા; તેમાં પ્રભુદયા જ દેખાય છે! વાત ખરી જ છે.

## પ્રભુદયા કયારે ?

પણ એટલું તો ખરું જ છે કે પ્રભુજીની દયા એ એમ જ નથી મળતી એને સારુ પૂર્વકાળ અને વર્તમાનકાળનો પ્રબળ પુરુષાર્થ અગાઉના પ્રકરણોમાં જણાવેલો તે જરૂરી છે. ઉપરાંત અવ્યકત તત્ત્વ પ્રત્યેની અહોનિશ શ્રદ્ધા પણ મુખ્યપણે જરૂરી છે.

જ્યાં લગી બુદ્ધિનું, શકિતનું, શરીરનું, ધનનું કે તેવું ગુમાન હોય છે, ત્યાં લગી પ્રભુદયા મળી શકે જ નહિ.

પ્રભુદયા માટે તો સતત નમ્રદીનભાવે પ્રભુની પ્રાર્થના, સતત જપ અને સતત શુદ્ધ નિખાલસ અંતઃકરણની જરૂર છે.

જેટલા પુરુષો તર્યા છે તેમણે એ જ શરણ લીધું છે. એ પ્રાર્થના, જપ અને અંતઃકરણશુદ્ધિ વિષે તો સાધકે પોતે પોતાની ભૂમિકા પ્રમાણે પ્રયત્ન કરીને ચાલવાનું છે.

જપ માટે હું તો ૐ મૈયાનું અવલંબન અને " બ્રહ્મચર્યં રક્ષતુ વીર્યં રક્ષતુ પાર્શ્વં " સ્મરણ સૂચવું છું.

☆

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# બ્રહ્મચર્યના શ્લોકો

## ૧૪

(૧)
અબ્રહ્મચર્ય છે ઘોર,
દુષ્ટ પ્રમાદનું ગૃહ;
મુનિઓ તે નહિ ઇચ્છે,
સાવધાન રહી સદા.

(૨)
મૂળ એ છે અધર્મોનું,
પાત્ર છે મહાદોષનું;
મૈથુનસંગને તેથી,
નિર્ગ્રંથો સર્વથા તજે.

(૩)
વિભૂષા, સ્ત્રી તણો સંગ,
રસાળાં સ્વાદુ ભોજન;
કરાલ ઝેરનાં જેવાં,
તે આત્માર્થી મુમુક્ષુને.

(૪)
સ્ત્રીઓનાં અંગ પ્રત્યંગ,
ચારુ વેણ, નિરીક્ષણ;
ન દેખે ચિંતવે સાધુ,
કામ રાગ વિવર્ધક.

(૫)
જેમ કુક્કુટ બચ્ચાંને,
બિલાડીનો સદા ભય;
તેમ છે બ્રહ્મચારીને,
સ્ત્રીના સંસર્ગનો ભય.

(૬)
ન સેવવા બહુ સ્વાદો,
જે કરે દીપ્ત ઇંદ્રિયો;
વિકારો પીડશે જેમ,
પક્ષીઓ ફળ સ્વાદુને.

(૭)
શ્રૃંગારચિત્ર ભીંતોનાં,
તથા સૌંદર્ય સ્ત્રીતણું;
વિકારીદૃષ્ટિથી કો'દિ,
બ્રહ્મચારી જુએ નહિ.

(૮)
નારીને માતૃભાવથી,
નરને ભ્રાતૃભાવથી;
સદૈવ ચિંતવે એમ,
બ્રહ્મચર્યાભિલાષુક.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(૯)

સ્રીનાં સ્તનિત ને ગીત,
હાસ્ય, ક્રન્દન કૂજિત;
આલાપ કે કાનથી તેને,
બ્રહ્મચારી ન ભોગવે.

(૧૦)

સીનેમા, નાટકો કેરાં,
દ્રશ્યો વિકારવર્ધક;
શ્રૃંગારીનૃત્ય કે ચિત્રો,
કદી જુએ ન સાધક.

(૧૧)

ન સૂએ એક શય્યામાં,
ન બેસે એક આસને;
વિકારી સ્પર્શ ના સેવે,
બ્રહ્મચર્યાભિલાષુક

(૧૨)

ઈંદ્રિયો સંવરી રાખે,
પ્રજ્ઞા ને મન સંવરે;
આત્માનુશાસને વર્તે,
બ્રહ્મચર્યાભિલાષુક.

( શાર્દુલ )

(૧૩)

એકાંતે સહવાસ સ્રીપુરુષનો, અત્યંત એ ત્યાગતો,
શય્યા કોમળ ટાપટીપ તનની એ મોહને છાંડતો;
સ્વાદે સ્પર્શ સુગંધ રૂપ ધ્વનિએ આસક્તિ ના રાખતો,
નિર્વિકારદશા મહીં જ રમતો એ બ્રહ્મચારી થતો.

અનુષ્ટુપ

(૧૪)

દેવ દાનવ ગાંધર્વો, યક્ષ રાક્ષસ કિન્નરો;
તે સદા બ્રહ્મચારીના પવિત્ર ચરણે નમે.

સર્વત્ર શાન્તિ વિસ્તરો

"સંતબાલ"

☆

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# અભિનવ રામાયણ

મુનિશ્રી સંતબાલજી રચિત આ અભિનવ રામાયણ પુસ્તક કે જે સન ૧૯૫૮ માં મુંબઈ રાજ્યમાં સંખ્યાબંધ પ્રગટ થયેલાં પુસ્તકોમાં પ્રથમ પંક્તિમાં લેખાયું છે. આ અભિનવ રામાયણમાં કથા મૂળ તો છે તેજ છે. પરંતુ એમાં આવતી ઘટનાઓનું અર્થઘટન ગાંધીયુગની અથવા ગાંધીજીની ફિલસૂફી અનુસારનું છે. આ પુસ્તક દરેક જિજ્ઞાસુ અને વિચારક પ્રેમીએ ખાસ વાંચવા જેવું છે.

કિંમત : અઢી રૂપિયા ટપાલ ખર્ચ : દસ આના

★

# ગામડાનું હૃદય

મુનિશ્રી સંતબાલજી રચિત આ 'ગામડાનું હૃદય' પુસ્તકમાં ગ્રામ-સંસ્કૃતિને અજવાળતાં એવા વિવિધ પ્રસંગો વર્ણવામાં આવ્યા છે. ગ્રામ્યજીવન સાથે સંકળાયેલા એવા લોકસેવકને તથા ગ્રામ-સંસ્કૃતિને જાણવા ઈચ્છતા સૌ કોઇને આ પુસ્તક અનેરૂં માર્ગદર્શન આપે છે.

કિંમત : દોઢ રૂપિયો ટપાલ ખર્ચ : ચાર આના

પ્રાપ્તિસ્થાન :
**વિશ્વવાત્સલ્ય કાર્યાલય**
હઠીભાઈની વાડી,
અમદાવાદ-૧.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust